
ફતુભા ફાંકડાનાં પરાક્રમો




फतुआ फोकडा तो पराक्रमो.


જ્યાં જાય ત્યાં ફત્તેહના ડંકા બજાવતા ફાંકડેરાવ
ફતુભાના અગીયાર અણુમોલ પરાક્રમો.

ફતુભા ફાંકડા
નાં
પરાક્રમો

[પુષ્કળ ચિત્રો સાથે]



લેખક
મનુભાઈ સુખલાલ શાહ




: પ્રકાશક :
એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨.

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

કિંમત રૂ. સવા

મુદ્રક : મુદ્રણસ્થાન :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઈલેક્ટ્રીક પ્રિંટિંગ પ્રેસ,
મોદીખાના રોડ, ખત્રીપોળના નાકે,
વડોદરા : તા. ૧-૧૧-૧૯૪૬.

નિવેદન



આ 'ફતુભા ફાંકડાનાં પરાક્રમો' તદ્દન સ્વતંત્ર છે તે હું નમ્રપણે જાહેર કરું છું.

આ પુસ્તકમાં બને ત્યાં સુધી આપણા સમાજમાં રચાતાં અને ચાલતાં જુઠાણાં અને પ્રપંચોને વણી લઇ ઉઘાડા પાડવાના પ્રયત્નો કર્યા છે. બાળકો હસતાં હસતાં આ પ્રપંચોના મર્મ સમજી, તેના તરફ ઘૃણાની દૃષ્ટિથી જુએ અને ભાવિ સમાજનું નૈતિક ધોરણ ઉચ્ચતર બને તે માટેની આ પુસ્તકમાં ખાસ દૃષ્ટિ રાખવામાં આવી છે અને સાથે સાથે આ પુસ્તક બાળપ્રિય બની બાળકોને હસાવે અને તેમની વિચારસૃષ્ટિને વિસ્તૃત બનાવે તેવું પણ ઇચ્છવામાં આવ્યું છે.

ઉપરના ઉદ્દેશોમાં હું કેટલે અંશે સફળ થયો છું તે તો તમે કે હું કહી શકીએ જ નહિ. તે માટે તો બાળકો જ મને સાચો ન્યાય આપી શકે. આશા છે કે ગુજરાતનાં બાળકો મારાં ન્યાયાધીશ બને અને તેમને જે કંઇ કહેવું હોય તે વિના સંકોચે મને પ્રકાશકના સરનામે જણાવે. હુ એ પ્રયત્નને જરૂર માન આપીશ.

—મનુભાઈ શાહ

....અ નુ ક્ર મ....

પૃષ્ઠાંક



ફતુભા ફાંકડાનાં પરાક્રમો

આપણા ફતુભાને જેવા તેવા ન સમજો. તેમણે જીવનમાં અનેક ધંધા કર્યા છે. આપણા જેવું જીવન જીવવામાં તેમને કંટાળો આવે છે. તે તો કહે છે, 'મોટી ઊથલપાથલ વિનાનું જીવન નકામું છે. અને તેમની સ્ત્રી જમનાબેનની પણ આ વાતમાં મોટી હા હોય છે. આપણા ફતુભા જીવનમાં લાખો રૂપિયા કમાયા અને તેમણે ખોયા પણ ખરા. પણ તેમને આ વાતનો અફસોસ નથી. તેમને તો અફસોસ માત્ર મોટાં પરાક્રમોનો છે.

૧

ફતુભા હજારો રૂપિયાની નોટો મેળવે છે.

એક સવારે ફતુભા અને તેમની સ્ત્રી જમનાબેન મોટા પરાક્રમની શોધમાં મુંબઇ આવ્યાં. તેમણે ઝવેરી બજારની પાસેના મકાનમાં ભોંયતળિયાની એક ઓરડી ભાડે રાખી અને નાહી ધોઇને મુસાફરીનો થાક ઉતાર્યો. જમનાબેને થોડા વખતમાં રાંધી નાખ્યું અને પછી બન્ને જણાં મુંબઈમાં ફરવા નીકળ્યાં. રાત પડવાનો સમય થયો એટલે તેઓ ઘરે પાછાં આવ્યાં અને ખાઈ કરી ઊંઘવાની તૈયારી કરવા લાગ્યાં.

જમનાબેન તો ખૂબ થાકી ગયાં હતાં; એટલે તે તો પથારીમાં પડ્યાં તેવાં જ ઊંઘી ગયાં. પણ ફતુભાને ઊંઘ આવતી નહોતી. તેમનું મન નવા પરાક્રમોના વિચાર કરતું હતું. વિચારમાં ને વિચારમાં તેમની નજર પાસેના એક ઉંદ-

રના દર પર પડી. તેમાંથી એક ઉંદર બહાર આવ્યો. તેના મોંઢામાં કંઈક કાગળ જેવું હતું. આ જોઈ ફતુભા જરા સળવળ્યા. ત્યાં તો ઉંદર બીકનો માર્યો કાગળ પડતો મૂકી દરમાં ભરાઈ ગયો.

ફતુભાને આ કાગળ જોવાની ઈચ્છા થઈ. તે ઊઠ્યા અને તેમણે કાગળ હાથમાં લીધો. જુએ છે તો હજાર રૂપિયાની નોટ ! આ નોટ જોઈ ફતુભાના આનંદનો પાર રહ્યો નહિ.



તેમણે તો તરત જમનાબેનને જગાડ્યાં અને હજાર રૂપિયાની નોટ બતાવી અને બધી વાત કરી.

જમનાબેન આ જોઈ રાજીરાજી થઈ ગયાં. તેમણે કહ્યું, ' સારુ થયું. આપણને પૈસાની મુશ્કેલી હતી તે આ ઉંદરે ટાળી. આ ઉંદરને તો હું રોજ સારું સારું ખાવાનું કરી દર પાસે મૂકી ખવરાવીશ. '

પછી તો રોજ રાતે ઉંદર આવે, હજાર રૂપિયાની નોટ લાવે અને ખાઈ કરીને દરમાં ચાલ્યો જાય.

પણ જમનાબેનનો લોભ વધ્યો, તેમણે એક રાત્રે ફતુભાને કહ્યું, ' આ નોટો ઉંદર ક્યાંથી લાવતો હશે ? તેના દરમાં ઘણી નોટો લાગે છે. ચાલોને, આપણે તેનું દર ખોદીએ અને એકીસાથે બધી નોટો લઈ લઈએ ! '

ફતુભાને આ વાત ગમી. તેઓ બીજે દિવસે સવારમાં તરત જ બજારમાં ઉપડ્યા અને પાવડો, ત્રિકમ અને તગારું લઇ આવ્યા.

રાત પડી અને ફતુભાએ ઉંદરનું દર ખોદવાનું શરૂ કર્યું. ફતુભા ખોદતા જાય અને જમનાબેન તગારાં ભરી માટી કાઢતાં જાય.

તેમણે તો આ રીતે મોટું ભોંયરું ખોદવું શરૂ કર્યું. ઊંડે ઊંડે જતાં હજાર હજાર રૂપિયાની નોટો મળવા લાગી. રોજ રાતે ફતુભા આગળ ને આગળ જ્યાં દરનું કાણું જતું હોય તે તરફ ખોદે અને નોટો શોધે.

આ પ્રમાણે કરતાં ફતુભાને હજાર રૂપિયાવાળી નવ્વાણું

નોટો મળી. કહોને કે ફતુભા નવ્વાણું હજાર રૂપિયાના ધણી થઈ ગયા !

પણ લોભને કંઈ થોભ હોય છે ? તેમણે તો દરરોજ રાતે ખોદવાનું ચાલુ જ રાખ્યું.

એક દિવસ બપોરના બાર વાગ્યે આ જ ફતુભાના મકાનની પાસેના એક ઝવેરીની દુકાનમાં એક માણસ સીધો ને સીધો ભોંયરામાં ઊતરી ગયાના સમાચાર સાંભળી બધાં માણસોને આશ્ચર્ય લાગ્યું. દુકાનનો માલિક સમજ્યો કે કોઇ હરામી માણસ પોતાની દુકાનમાં ભોંયરું ખોદી ચોરી કરવા માગતો હશે, પરંતુ સારા નસીબે આ ભેદ ખુલ્લો થઇ ગયો. આ માટે તે પ્રભુનો પાડ માનવા લાગ્યો. તેણે પોતાના માણસને ભોંયરાની બહાર ખેંચી કાઢયો; ત્યાં તો વળી એક બીજો નવાઇ જેવો પ્રસંગ બન્યો. આ માણસને કાઢતાં તેમને હજાર રૂપિયાવાળી એક નોટ મળી આવી.

હવે ઝવેરી ભોંયરાની સાચી વાત સમજી ગયો. એક દિવસ ભૂલમાં તિજોરી ઉઘાડી રહી જવાથી તેમાંથી ઉંદરો રૂપિયાવાળી સો નોટોનું બંડલ ઉપાડી ગયા હતા. તેમાંની આ નોટ હોવી જોઈએ એમ તેને લાગ્યું.

ઝવેરી અને તેના માણસો બાકીની નોટોની શોધમાં ભોંયરામાં ઊતર્યા, પણ તેમને એકેય નોટ હાથમાં ન આવી. છેવટે બધા ફતુભાના ઘરમાં નીકળ્યા. આ વખતે ફતુભા

અને જમનાબેન હજાર હજાર રૂપિયાવાળી નોટો ગણતાં હતાં અને વગર મહેનતે મળેલા રૂપિયાનો આનંદ લેતાં હતાં.



પણ ત્યાં તો ઝવેરીએ પાછળથી આવી ફતુભાની ગરદન પકડી. તેણે કહ્યું 'આ નોટો અમારી છે. સાનમાં સમજીને પાછી આપી દો, નહિતર પોલિસ ચોકી જોવી પડશે.'

બિચારા ફતુભા હવે શું બોલે! તેમણે તો બધી નોટો આપી દીધી. ઝવેરીએ આ નોટો ગણી પણ તેમાં એક નોટ

ઓછી હતી. આથી તે બોલ્યો, 'ફતુભા, હજી એક નોટ ખૂટે છે. ચાલો, તે આપી દો.'

ત્યાં તો જમનાબેન વચ્ચે બોલી ઉઠયાં, 'ભાઈ, અમને તે નોટ મળી હતી પણ તે વપરાઇ ગઈ છે. માટે આટલેથી સંતોષ માનો અને હવે ચાલ્યા જાઓ.'

ઝવેરીએ એક નોટ જતી કરી. તેને મન એક લાખ રૂપિયા-માંથી આ રીતે નવ્વાણું હજાર રૂપિયા મળી આવ્યા એટલે સંતોષ હતો. આથી તે બધા ચાલ્યા ગયા. જતાં જતાં તેમણે કહ્યું, 'યાદ રાખજો કે હવે ફરીથી ભોયરું ખોદી મારી દુકાનમાં કાણું પાડતાં નહિ, નહિતર જોવા જેવી થશે.'

ફતુભા અને જમનાબેનને ઝવેરીને ચાલી ગયેલો જોઈ શાંતિ વળી. તેમની નજરે પેલી જેલની ઓરડી દેખાતી હતી તે હવે બંધ થઈ.

❋

૨

ફતુભા હીરા વેચવા લંડન જાય છે.

સાંજ પડી અને ફતુભાએ જમનાબેનને કહ્યું: "ચાલો હવે આપણા પરથી બધી આફત ટળી છે. હવે આપણે નિરાંતે એપોલો બંદર ફરવા જઈએ.'

જમનાબેને ફતુભાનો બોલ ઝીલી લીધો. તેમણે ઝટપટ સારાં કપડાં પહેરી લીધાં અને બની ઠણીને એપોલો બંદર ફરવા જવા નીકળ્યાં. ગમે તોયે જમનાબેન ફતુભાની સ્ત્રી હતાં ને ?

ફતુભા મુંબઈથી અજાણ્યા હતા, પણ તેમની અક્કલ મુંબઈથી અજાણી ન હતી. તે મોટાં શહેરો કઈ જાતનાં હોય છે તે બધું જાણતા હતા.

પૂનમની રાત હતી. ચારે બાજુ અજવાળી દૂધ જેવી ચાંદની પથરાઈ ગઈ હતી. દરિયાના પવનની ઠંડી લહેરો આવતી હતી અને મોજાં ધમપછાડા મારતાં હતાં. ફતુભા

અને જમનાબેન આ બધું જોઈ સવારનો બનાવ તદ્દન ભૂલી ગયાં હતાં.


ફરતાં ફરતાં ફતુભાની નજર ત્યાં આવેલી એક વાડીના પૂતળા પર પડી. તે પોતાનો હાથ ઊંચો કરી આંગળી વતી કંઈક બતાવતું હતું. ફતુભા તેની આ વાત સમજી ગયા અને તેની આંગળીનો જ્યાં પડછાયો પડતો હતો ત્યાં તેમણે નિશાની કરી.



પૂતળાની વતી નિશાની કરતા ફતુભાને જમનાબેને જોયા. બીજે દિવસે રાત્રે વળી પાછા ફતુભાએ અને જમનાબેને ત્રિકમ પાવડો અને તગારુ હાથમાં લીધાં અને બરાબર રાતના બાર વાગે તેમણે કરેલી નિશાનીવાળી જગાએ ખોદવા માંડયું. તેમણે પાંચેક ફૂટ ઊંડું ખોદ્યું હશે ત્યાં તો તેમણે એક ઢાંકણું જોયું. ફતુભાએ ધડ દઇને આ ઢાંકણું ઉઘાડયું અને અંદર એક નિસરણી દેખાઈ. તમને ખબર તો છે જ કે ફતુભા અને જમનાબેન ભોંયરામાં ઊતરતાં ડરે તેવાં તો નહોતાં જ. તેઓ એકદમ નિસરણી ઊતરી ગયાં અને ભોંયરામાં દાખલ થયાં.

ભોંયરામાં પહેલાં એક દરવાજો આવ્યો. આ દરવાજા પર મોટા અક્ષરે લખ્યું હતું કે, 'લોભિયા માટે આ જગ્યા નકામી છે, માટે તેણે દાખલ થવું નહિ.' ફતુભાએ અને જમનાબેને આ વાંચ્યું અને અંદર ગયાં.

અંદર એક મંદિર દેખાયું. તેમાં એક સરસ્વતીદેવીની મૂર્તિ હતી. તેમની આંખો આકાશના તારા જેવી ઝગારા મારતી હતી. પાસે એક મોર હતો. સમજો કે જાણે જીવતો જ. ફતુભા અને જમનાબેન આ જોઈ બોલી ઉઠ્યાં, 'કેવી સુંદર કારીગરી ! આબેહૂબ જાણે જીવતાં જ !'



ફતુભા અને જમનાબેન મંદિરમાં આમતેમ ફર્યાં, પણ તેમની નજર એક બારણા પર પડી નહિ. તેઓ અંદર અંદર વાતો કરવા લાગ્યાં. જમનાબેનની નજર સરસ્વતી દેવીની ઝગમગતી બે આંખો કાઢી લઈ જવાની હતી. ફતુભા

તેની વાત સમજ્યા, પણ ત્યાં તો તેમને દરવાજા પરનું લખાણ યાદ આવ્યું. તે જરા થોભ્યા. પણ જમના બેન ક્યાં થોભે તેવાં હતાં ? તેમણે તો ઝટ દઇને ફતુભાની કટાર ખેંચી કાઢી અને સરસ્વતીની ઝગારા મારતી બે આંખો કાઢી લઇને ગજવામાં મૂકી દીધી. પછી બારણું બંધ કરી તેના પર ધૂળ દાબી જમીન જેવી જમીન કરી ઘેર આવતાં રહ્યાં.

ઘેર આવી જમના બેને ફતુભાને કહ્યું, ' આપણી હજારો રૂપિયાની નોટો ગઈ પણ આપણને લાખો રૂપિયાની કિંમતના હીરા મળ્યા. ખરેખર, આપણું નસીબ બહુ જોર કરતું લાગે છે ! '

બીજે દિવસે ફતુભા અને જમનાબેન અગિયાર વાગ્યાની રાહ જોવા લાગ્યાં. છેવટે તેઓ એક ઝવેરીની દુકાને ગયાં અને પેલા બે હીરા વેચવા માટે બતાવ્યા.

આ ઝવેરી બહુ હોંશિયાર તેમ જ મશ્કરો હતો. તેણે ફતુભા અને જમનાબેનને કહ્યું, ' જુઓ, આ હીરા ઘણા જ કિંમતી છે. તેની કિંમત ચૂકવવા માટે અહીંના એકેય ઝવેરીની તાકાત નથી. મારી તો તમને સલાહ છે કે આ હીરા તમે ઈંગ્લંડમાં વેચશો તો જ તેના સારા પૈસા ઉપજશે. બાકી તો તમે અહીં છેતરાશો જ. '

ઝવેરીની આ વાત સાંભળી ફતુભા અને જમનાબેને બીજા ઝવેરીઓ પાસે જવાનું માંડી વાળ્યું અને ઘરે આવી તે

હીરા ઈંગ્લંડમાં કઇ રીતે વેચવા તેનો વિચાર કરવા લાગ્યાં. જમનાબેનનો મત જાતે ઈંગ્લંડ જઈ હીરા વેચવાનો હતો, જ્યારે ફતુભાને આ માટેના પૈસાની ચિંતા હતી એટલે જરા આનાકાની કરતા હતા. પણ ત્યાં તો જમનાબેન બોલી ઊઠયાં 'એમ શાના આનાકાની કરો છો? આ લ્યો મારો મોતીનો હાર, જઈને વેચી આવો અને આવતી કાલે ઈંગ્લંડ જવાનું નક્કી કરી આવો. જુઓ, આગબોટમાં બેસતાં મને ચક્કર આવશે, એટલે વિમાનમાં જવાનું નક્કી થાય તો વધુ સારું.'

બીજે દિવસ થયો ને વિમાન ટર્ર્ર્ કરતું ઇંગ્લંડ તરફ ઊપડયું. આ વિમાનમાં કોણ બેઠાં હતાં તે તો તમે જાણો છો. પણ જમનાબેનના આનંદનો આ વખતે પાર નહોતો. જીવનમાં પહેલીજ વાર વિમાનમાં બેસવાનું મળેલું હોવાથી તેઓ હરખાતાં હતાં. વારે વારે તેઓ નકશો જોતાં હતાં અને નીચે આવતાં ગામો, જંગલો, નદીઓ અને પર્વતો જોયા કરતાં હતાં.

ત્યાં તો ઇંગ્લંડ આવ્યું અને વિમાન લંડન પાસે ઊતર્યું. બહાર ભાડાની મોટર ઊભી હતી તેને ફતુભાએ બોલાવી અને મરઘાભાઇની હોટેલ તરફ હાંકવાનો હુકમ આપ્યો.

લંડન શહેરનો દેખાવ જોઈને જમનાબેન તો હેબતાઈ જ ગયાં! 'ઓહો! કેટલાં બધાં માણસો! કેવડાં મોટાં માળવાળાં

મકાનો! ટ્રામો મોટરો અને બસો! અને આમ તો જુઓ ફતુભા, અહીં તો ભોંયરામાં ગાડીઓ ચાલે! અને તે વળી એંજિન વિનાની! અહીંના લોકો તો ખરેખર ભેજાવાળા છે!'

'અહીં તો બધું જ આવું હોય.' ફતુભા બોલ્યા, 'આ કરતાં તો ન્યુયોર્ક નામનું શહેર મોટું છે. ત્યાં તો ૧૦૮ માળ-વાળાં મકાનો છે. આ લંડન શહેરનાં મકાનો તો તેની આગળ બચ્ચાં છે. શું સમજી?'

'તો તો પછી આપણે ત્યાં પણ જઈશું. આપણા હીરાના પૈસા મળે એટલી જ વાર છે.'

બીજી સવારે બાર વાગ્યે ફતુભાએ અને જમનાબેને એક ભાડાની મોટર મંગાવી અને હીરા વેચવા માટે કોઇ મોટા ઝવેરીની દુકાને મોટર હાંકવા કહ્યું.

ઝવેરીની દુકાન આવી અને મોટર ઊભી રહી, ફતુભા અને જમનાબેન રોફભેર મોટરમાંથી બહાર નીકળ્યાં. ઝવેરીએ તેમને માનભેર આવકાર આપ્યો અને પછી ફતુભાએ બે હીરા વેચવાની વાત કરી.

પણ ઝવેરીએ જેવા આ બે હીરા જોયા કે તેવો જ તે બોલી ઊઠયો, 'મને માફ કરજો ફતુભા, તમે જેને હીરા કહો છો તે તો પોખરાજ છે. તેની કિંમત માત્ર એક પાઉન્ડ

(૧૫ રૂપિયા) થાય છે. કહો તો તમને બે પાઉન્ડ આપું અગર તો લ્યો આ તમારા હીરા ઉર્ફે પોખરાજ પાછાં.'



ઝવેરીની આ વાત સાંભળી ફતુભા અને જમનાબેન તો ઠરી જ ગયાં. તેમના પેટમાં ફાળ પડી: 'આ શું! હવે તો પૈસા ખલાસ છે. દેશ ભેગા પણ કેવી રીતે થવાશે? પેલો દેશનો ઝવેરી પણ તેમને યાદ આવ્યો. તેને હોશિયાર સમજવો કે ગધેડો તે વિષે તેમને વિચારો આવવા લાગ્યા. ત્યાં તો જમનાબેન બોલ્યાં: "પણ ભાઇ, અમે અમારા દેશના એક ઝવેરીને જ્યારે આ હીરા બતાવ્યા હતા ત્યારે તેણે કહેલું કે 'આ હીરા ઘણા કીમતી છે, તે તો ઈંગ્લંડમાં જ વેચી શકાય. અહીં વેચશો તો છેતરાશો.' એટલે અમે અહીં આવ્યાં અને

તમે કહો છો કે આ તો પોખરાજ છે ! તો અમારે હવે શું સમજવું ?'

'એ તો ત્યાંના ઝવેરીએ તમારી મશ્કરી કરી હોવી જોઇએ. તમે પોખરાજને હીરા કહી વાત કરો એટલે તે એમ જ કહે ને ?'

આ વાત સાંભળી બિચારા ફતુભા અને જમનાબેન તો એવાં ભોંઠાં પડી પડી ગયાં કે ન પૂછો વાત. તેમણે હવે ચાલતાં ચાલતાં જ મરઘાભાઈની હોટલમાં જવાનું પસંદ કર્યું.

ફતુભા અને જમનાબેન પાસે હવે એક જ સવાલ હતો: 'હવે દેશમાં કઈ રીતે જવું ?' ત્યાં તો તેમનો એક જૂનો મિત્ર તેમને મળવા આવ્યો અને બોલ્યો, 'કેમ ફતુભા અને જમનાબેન ! શા વિચારમાં છો ? દોસ્તો, આપણે ઘણા દિવસે મળ્યાં. જરા બોલો તો ખરા ?'

ફતુભાએ મહા મુશ્કેલીએ તેમના જૂના મિત્ર સાથે વાતચીત કરવી શરૂ કરી અને વાતવાતમાં તેમણે પોતાની દેશમાં જવાની મુશ્કેલી જણાવી.

ફતુભાનો દોસ્ત આ વાત સાંભળી ખડખડાટ હસી પડ્યો ને બોલ્યો, 'દોસ્ત ફતુભા, તું તો હજુએ મોટા પરાક્રમી જ રહ્યો. મેં માનેલું કે તું તો હવે સુધરી ગયો હોઇશ.'

'દોસ્ત, હવે એ વાત જવા દે. હવે તો તારે મને ૨૦૦ પાઉન્ડ ઉછીના આપવા જ પડશે. ચાલ, તારી ચેક બુક કાઢ અને મને ૨૦૦ પાઉન્ડનો ચેક લખી આપ. હવે ના પાડીશ તે નહિ ચાલે. મારે આપણી જની મિત્રતામાં પથરો મૂકવો પડે તે ઠીક નહિ.'

ગમે તેમ તોય ફતુભાની મિત્રતા. એ કંઈ જેવી તેવી ન હોય. તરત જ તેમના મિત્રે ૨૦૦ પાઉન્ડનો ચેક લખી આપ્યો અને એક દિવસની વહેલી સવારે ફતુભા અને જમનાબેન આગબોટમાં બેસી દેશમાં આવવા તૈયાર થયાં. તેમનો મિત્ર આ વખતે બંદર પર મૂકવા આવ્યો હતો. 'આવજો', 'આવજો' ના પુકારો થયા અને આગબોટ ઊપડી.

પંદરેક દિવસ પછી આગબોટ મુંબઈ આવી અને ફતુભા અને જમના બેન બપોરના બાર વાગે એપોલો બંદર ઉતર્યાં. આ વખતે તેમણે મોટી ચિંતામાંથી બચવા માટે છૂટકારાનો દમ ખેંચ્યો અને વળી પાછા પેલા ઝવેરીની દુકાન પાસેની ભોંયતળિયાની ઓરડીમાં રહેવા ચાલી ગયાં.



૩

ફતુભા સિંહ મારવા જાય છે.

ફતુભા મુંબઇ આવ્યા પછી એક વાર તેમને છાપું લેવાનું મન થયું. આમ તો તેમને છાપું વાંચવાનો ખૂબ કંટાળો હતો, પરન્તુ આજના છાપામાં તેમના મિત્રનો ફોટો આવેલો જોઇ તેમને તે ખરીદવાનું મન થયું. તેમનો મિત્ર હાલ ઈંગ્લંડમાં જઇને એફ. આર. સી. એસ.ની પરીક્ષામાં પહેલા નંબરે પાસ થયેલો હોવાથી તેનો ફોટો આવ્યો હતો. ફતુભાએ આ ફોટો જમનાબેનને બતાવ્યો અને તેને ૨૦૦ પાઉન્ડ આપવાના છે તે પણ સાથે સાથે યાદ આવ્યું.

પણ જમનાબેન આ ફોટો જોઇ બોલી ઊઠ્યાં કે, ' મને તો ફોટો જોતાં કંટાળો આવે છે. દુનિયામાં બધાના ફોટા છાપામાં આવે અને તમારો ફોટો ન આવે તે કેવું કહેવાય ! તમારે પણ એવું કંઇક કરવું જોઇએ કે જેથી તમારો ફોટો છાપામાં આવે અને હું તે જોઇને હરખાઉં.'

' મારી પણ એવી જ ઈચ્છા છે. પણ મારો ફોટો છાપામાં કઈ રીતે આવે તે જ મને સૂઝતું નથી; નહિતર તો હમણાં જ એવું કામ કરી નાખું. '

ત્યાં તો ફતુભાની નજર ' ગિરના જંગલમાં વધી પડેલો સિંહનો ત્રાસ ' એ નામના લખાણ પર પડી. તેમણે આ લખાણ પહેલેથી તે છેલ્લે સુધી વાંચી લીધું અને પછી બહુ ઊંડો વિચાર કરીને બોલી ઊઠ્યા, ' આ પ્રમાણે આ લોકોથી શી રીતે જિવાય ! ત્યાંના સિંહ ગાય, ભેંસ અને માણસોને ઉપાડી જાય છતાં તેનું કંઈ ન થાય તે તો ખરેખર માણસ-જાતનું બાયલાપણું બતાવે છે. ત્યાં કોઇ રજપૂત બચ્યો હશે કે નહિ ! '

જમનાબેન આ શબ્દો સાંભળી તરત જ બોલ્યાં, 'તમારા જેવા રજપૂતો બધા મુંબઈના ભોંયતળિયાની ઓરડીમાં રહેવા ચાલી ગયા હોય ત્યાં એ બિચારાનું શું થાય ? '

' તું કહે છે તે વાત બરાબર છે. હવે મારે જ આ સિંહને પૂરો કરવો પડશે. સાથે સાથે હું આ સિંહને મારીશ એટલે મારો ફોટો પણ છાપામાં આવશે. ખરેખર, તેં મને મહેણું મારીને સારું સુઝાડ્યું. ' ફતુભાએ કહ્યું.

જમનાબેનને ફતુભાના આ શબ્દો સાંભળીને જરા બીક પેઠી. ' રખેને ફતુભાને સિંહ મારતાં કંઇક થઈ બેસે તો ! ' તેમણે તો ફતુભાને એકલા જવાની ના પાડી.

' ત્યારે આપણે બન્ને જણાં જઈએ ' ફતુભા બોલ્યા. જમનાબેને આ વાત મંજૂર રાખી અને એક દિવસે વહેલી સવારે તલવાર, કટાર અને બંદૂક સાથે ફતુભા અને જમના-બેન જે ગામમાં સિંહનો ત્રાસ હતો ત્યાં આવી પહોંચ્યાં.

ગામ લોકોએ સિંહ કયાં રહે છે તે ફતુભાને બતાવ્યું. ફતુભાને માચડા પર બેસી બંદૂકડી ફોડી સિંહને મારવો તે ખરા રજપૂત માટે શરમજનક લાગ્યું. તેમણે તો સિંહની સાથે સામી છાતીએ લડી લેવાનું જ નક્કી કર્યું.

કલાક બે કલાક ગયા કે સિંહ ગુફામાંથી બહાર નીકળવા લાગ્યો. ફતુભાએ અને જમનાબેને તેને બહાર આવતો જોયો. જમનાબેને ફતુભાને ચેતવ્યા: 'ચાલો, હવે તૈયાર રહો. સિંહ બહાર આવે છે; બંદૂક તૈયાર રાખો.'

પણ સિંહ બહાર આવ્યો અને ફતુભા બંદૂકનો ઘોડો દાબી ન શક્યા. સિંહ આ બધું જોઇ સમજી ગયો. તેણે તો ફતુભા પર સીધો હલ્લો કર્યો. આથી ફતુભા અને સિંહની લડાઇ જામી. ફતુભાએ બંદૂકડી નીચે મૂકી દીધી અને તલવાર ખેંચી. તે તલવાર જ આમતેમ વીંઝવા લાગ્યા, પણ સિંહ કંઈ એથી ડરી જાય તેવો નહોતો. તેણે તો ફતુભાને એવા તો જોરથી એક પંજો માર્યો કે બિચારા ફતુભાની છાતીમાંથી લોહી નીકળવા માંડ્યું. હવે ફતુભા ધીમે ધીમે ઘાયલ થતા હતા અને ઢીલા પડતા જતા હતા, જ્યારે સિંહ હવે જોરમાં આવ્યો હતો.

પણ જમનાબેન આ બધું જોઈને બેસી રહે તેવાં કંઈ થોડાં જ હતાં! તેમણે તો તરત ફતુભાની કમરમાંથી કટાર ખેંચી કાઢી અને પડખે પડેલી બંદૂક ઉપાડી અને



જેવો સિંહ ફતુભા પર હલ્લો કરવા આવ્યો કે તેમણે લાગ જોઈને સિંહને કટાર ખોસી દીધી. અને પછી બંદૂકમાંથી સનૂનન્ કરતી ગોળીઓ છોડવા માંડી. સિંહને આમાંથી બરાબર ત્રણ ગોળીઓ વાગી અને તે ઢગલો થઇને જમીન પર ઢળી પડ્યો. આ વખતે ફતુભા જમનાબેનને જોઇ રહ્યા હતા. તે બોલી ઊઠ્યા, 'શાબાશ, જમના! શાબાશ. તું જો અહીં ન હોત તો હું તો ખરેખર મરી જ ગયો હોત. સારું થયું કે મેં તને સાથે લીધી.'

સાંજ પડી કે ફતુભા અને જમનાબેન મરેલા સિંહને ગામમાં ઘસડી લાવ્યાં. ગામલોકો તેમને જોવા ટોળે વળ્યાં અને ફતુભા અને જમનાબેનની જય બોલાવવા લાગ્યા. આ બધું જોઈ ફતુભા ગંભીર અવાજે બોલ્યા: " વહાલાં ભાઈઓ અને બહેનો, હવે તમે શાંતિથી જીવી શકશો. અને જ્યારે જ્યારે અમારા લાયક કામની જરૂર પડે ત્યારે ત્યારે અમને બોલાવશો તો અમે અમારી સેવા તમારા ચરણે ધરીશું. "

મુંબઈના છાપવાળાને જ્યારે ખબર પડી કે ગિરના સિંહને અંતે ઠાર કરવામાં આવ્યો છે અને તેને મરેલો ઘસડી લાવવામાં આવ્યો છે ત્યારે છાપાવાળાઓનો કેમેરા સાથે ત્યાં દરોડો પડ્યો. તેઓ ફતુભા અને જમનાબેનને ઉપરા-ઉપરી સવાલો પૂછવા લાગ્યા. જમનાબેનની બહાદુરીથી છાપાંવાળાઓ ખુશ ખુશ થઈ ગયા અને તેમણે તેમનો ફોટો લઈ બીજે દિવસે છાપામાં આપ્યો.

પણ છાપામાં આવેલો આ ફોટો જોઈને જમનાબેન કોણ જાણે કેમ પણ એકાએક છપાવાળા પર છેડાઈ પડયાં. તેમણે તો છાપાવાળાને ઉપરાઉપરી ગાળો ભાંડવા માંડી. 'આ મારા ફોટામાં તે શું રૂપ બળ્યું છે? મારા ફતુભાનો ફોટો છાપતાં છાપાવાળાઓને કેમ ચૂક આવી હશે! મુઆ છાપાવાળાને તો પહોંચાય જ નહિ. તે લોકો એટલુંય પણ



સમજતા નથી કે બાઈ લોકોના ફોટા એના ધણી વિના અપાય નહિ.' આ પ્રમાણે બોલતાં બોલતાં જમનાબેન ખૂબ ગુસ્સામાં આવી ગયાં અને ગુસ્સામાં ને ગુસ્સામાં તેમણે છાપાના ટૂકડેટૂકડા કરી નાખ્યા. ફતુભા આ જોઈ બોલી ઊઠયાઃ "કાંઇ નહિ, તું નકામી ચિંતા કરે છે; મારો નહિ તો તારો

ફોટો પણ છાપામાં આવ્યો છે ને ! મારો ફોટો વળી કોઈ બીજી વખતે આવશે ! એમાં આટલી બધી ગુસ્સે શામાટે થાય છે ? અને સાચું કહું તો મને તારો ફોટો આવવાથી જરાય ખોટું લાગ્યું નથી; પણ ઊલટાનું ખૂબ ગમ્યું છે. તું આ મારી વાત સાચી માનશે ? "

" કપાળ તમારું. તમે તો ઘડીએ ઘડીએ તમારા વિચારો બદલો છો. આપણે મૂળ શા માટે સિંહને મારવા ગયા હતા તે તમને યાદ છે ? "

"હા, મારો ફોટો છાપામાં આવે તેટલા માટે. હું કંઈ તે ભૂલી ગયો નથી." ફતુભાએ જવાબ આપ્યો.

' ત્યારે તેમાંતું કંઈ બન્યું ? મુઆ છાપાવાળાઓ તો ઊંધું જ કરી મારે છે. તેઓ આપણને પૂછે પણ નહિ કે આપણી શી ઈચ્છા છે. તેમને મરજી આવે તેનો ફોટો લે અને છાપી મારે. આ લોકોથી તો પરભુ પણ ત્રાસી જાય. એમને તો ભગવાનેય ન પહોંચે.' જમનાબેને પોતાના દીલની વરાળ કાઢી.

'હવે જવા દેને એ વાત. આ માટે મને જરાય માઠું લાગતું નથી. એ તો મારા નસીબનો જ દોષ છે. તું જ કહેને કે આટઆટલું જોખમ ખેડવા છતાં ભગવાને મને શો બદલો આપ્યો ? અ ર્ર્ર્ર્ ! મને છાતીમાં સણકા આવે છે. ચાલ, હું પથારીમાં સૂઈ જાઉં અને તું મને શેક કર !'



૪

ફતુભા સ્ટેશનમાસ્તર બને છે.



મોડી સવારે—(કહોને કે બપોરે) ફતુભા ઉઠયા પછી દાતણ કરતા હતા અને જમનાબેન ચા કરવાની તૈયારી

કરતાં હતાં. અચાનક ફતુભાની નજર ગઈ કાલના છાપાના થયેલા ટૂકડા પર પડી. તેમને ફરી એક વાર જમના બેનનો ફોટો જોવાનું મન થયું. તેમણે ફાટેલા છાપાના ટૂકડા એક પછી પછી ગોઠવવા માંડ્યા અને જેવા તે જમનાબેનનો ફોટો જોવા જાય છે ત્યાં તો જમનાબેન બૂમ મારી બોલી ઊઠયાં: 'એમાં તે મારું ડાચું જોવાની શી જરૂર છે? હું અહીં તમારી સામે જીવતી જાગતી ઊભી છું તે શું નથી દેખાતું?'

ત્યાં તો ફતુભાની નજર છાપામાં આવેલી એક જાહેરાત પર પડી. તેમણે તે વાંચીને જમનાબેનની સાથે વાત કરવી શરૂ કરી: 'લે આ જો. બાપુની રેલવેમાં એક સ્ટેશન માસ્તરની જરૂર છે. આ તો સારી ખબર. મોરબીનો રાજા મારો જૂનો મિત્ર છે. આમાં તે માટે અરજી કરવાનું કહે છે. પણ ચાલોને આપણે સીધા ત્યાં જ જઈએ. એનાથી શું મને ના પડાવાની છે! આ નોકરી મળેલી જ સમજ.'

ફતુભાની આ વાત સાંભળી સાંજે જ કાઠિયાવાડ મેઈલમાં મોરબી જવાનું નક્કી થયું. અને બીજે દિવસે સવારે અગિયાર વાગ્યે ત્યાંના રાજાને મળ્યા. રાજા તો ફતુભાને જોઈ ખુશ ખુશ થઈ ગયા. ગઈ કાલે જ જમનાબેનનો ફોટો છાપામાં આવ્યો હતો એટલે તેમને મળવાનું તેને મન તો થયું જ હતું. તેમણે તો તરત જ નોકરી આપવાની હા પાડી અને આજથી જ કામ પર ચડી જવાની સૂચના કરી.

'પણ તમે મને પગાર કેટલો આપશો? આ ફતુભા ઓછા પગારે કામ કરે તેવો નથી. એ તો તમે જાણો છે ને?'

'જો ફતુભા, અમે તો અહીં ૬૦ રૂપિયાનો પગાર આપીએ છીએ. બાકી તો લોકોને લૂંટો અને કમાવાય તેટલું કમાઓ. એ તો તમારી આવડત પર આધાર છે. જેવો રોફ તેવો લાભ. બાકી અમે તમારી વિરુદ્ધ ફરિયાદ આવશે તો કચરાની પેટીમાં જ નાખી દઈશું. આ માટે તમે બેધડક બેફિકર રહેશો.'

આ પણ સારી વાત છે. ફતુભાએ એક લાંબો વિચાર કરી નોકરી પર ચડી જવાની હા પાડી અને 'રોફ તેવો લાભ' નો ધીમે ધીમે અમલ શરૂ કરવા માંડ્યો.

રોજ ફતુભા ઘરે આવે ને જમનાબેન તેમને પૂછે. 'આજે તમે મારા માટે શું લાવ્યા?' ફતુભા કોઇ દિવસે દાંતિયા તો કોઈ દિવસે કાચના પ્યાલા, કેરી, મોસંબી, શરબતના શીશા, અરીસા, એમ જે જે કંઇ હરામનું મળે તે પારસલ તોડીને લઈ આવે. જ્યાં રાજાની જ છૂટ હોય ત્યાં ફતુભા આવી ચોરી કરતાં શાના અટકે?

ગામના વેપારીઓ આથી ત્રાસી ગયા. તેમણે ફતુભા માટે ઘણી ઘણી ફરિયાદો કરી, પણ તે બધી કચરાની ટોપલીમાં ગઈ. 'હવે શું કરવું?' વેપારીઓ મૂંઝવણમાં પડ્યા.

પણ આ બધા વેપારીમાં એક અક્કલ લક્કડિયો

વેપારી હતો. તેણે બધાને જણાવી દીધું કે, 'હું થોડા જ રોજમાં ફતુભાને ઠેકાણે લાવી દઇશ. તમે હવે ચિંતા ન કરતા.'

આ વેપારીએ તેના મુંબઇના વેપારીને એક મોસંબીનું પારસલ કરવા લખી જણાવ્યું, અને સાથે સાથે આ બધી મોસંબીને ઝાડાની દવાના ઇંજેકશન મારીને મોકલવાની તેણે સૂચના કરી.

મુંબાઈના વેપારીએ આ બધી સૂચના મુજબ મોસંબીનું પારસલ તૈયાર કર્યું અને તે ફતુભાના સ્ટેશને રવાના કર્યું. ફતુભાની આ પારસલ પર નજર પડી. મોટી મોટી પાતળી છાલની મોસંબી જોઈને તેમના મોઢામાં પાણી આવ્યું. તેમણે તો તેમાંથી બરાબર એક ડઝન મોસંબી ઉપાડી. વેપારીએ આ માટે ખોટા ખોટા વાંધો લીધો અને ફતુભાનો રોફ જોઈ મોટથી બબડતો બબડતો તૂટેલું પારસલ લઈ ચાલી ગયો.

રાત પડી અને જમ્યા પછી ફતુભાને અને જમના-બેનને ફળ ખાવાનો શોખ ખૂબ વધી પડ્યો હતો. તેમણે તો એક પછી એક મોસંબી કાપીને ખાવા માંડી અને તેનું પરિણામ ફક્ત એક કલાકમાં જ આવ્યું.




બીજે દિવસે અગિયાર વાગ્યે ત્યાંના રાજાને અચાનક ફતુભાનું રાજીનામું મળ્યું. તેમણે તેમાં જણાવ્યું હતું કે-

તમારી 'જેવો શોક તેવો લાભ' ની માન્યતા તદ્દન બેવકૂફી ભરેલી છે. કારણ કે તેમ કરવાં જતાં એટલે કે હરામની મોસંબી ખાવા જતાં મને અને જમનાને કે જે સિંહ મારવા જેટલી તાકાત ધરાવે છે તેને પણ ઢગલાબંધ ઝાડા થઈ ગયા છે. આવી રીતે અમે અમારી જિંદગી જોખમમાં મૂકવા જરાય તૈયાર નથી. વધુમાં આ રાજીનામું આપ મહેરબાનને જેવું મળે તેવું જ મંજૂર કરી મને છૂટા કરશો. નહિતર અમે આવતી કાલે અમારી મુંબઇની ભોંયતળિયાની ઓરડીમાં શાંતિથી રહેવા ચાલી જઈશું તેની નોંધ લેશો.

પેલો રાજા તો ફતુભાનું રાજીનામું મંજૂર કરવા ઈચ્છતો જ નહોતો. તેણે તો પેલા વેપારીની યુક્તિ પકડી પાડી હતી. અને તેને શિક્ષા કરવાનો વિચાર કરતો હતો પરન્તુ ફતુભા એકના બે ન થયા તે ન જ થયા અને એક મોડી રાત્રે મુંબઈની ટ્રેન પકડી તેઓ ચાલી ગયા.





૫

ફતુભા સિનેમાની ટિકિટ વેચનાર બને છે.

ફતુભા મુંબઈ આવ્યા એટલે તેમને એક વાર સિનેમા જોવાનું મન થયું. જમનાબેન પણ આથી ખુશ ખુશ થઈ ગયાં. કારણ કે તેમણે હજુ સુધી એક વાર મુંબઈનો સિનેમા જોયો જ નહોતો.

ફતુભાએ વિક્ટોરિયા ભાડે કરી અને તેઓ કૃષ્ણ સિનેમામાં ચાલતું 'શકુંતલા' નામનું ચિત્ર જોવા ઉપડ્યા. પરન્તુ ટિકિટ ખરીદવાની મુશ્કેલી હતી. બધી જાતની ટિકિટો માટે 'હાઉસ ફૂલ' નું પાટિયું લાગી ગયું હતું. પરન્તુ મવાલી લોકો નવ આનાની ટિકિટ એક રૂપિયામાં વેચતા હતા.

ફતુભા અને જમનાબેનનો સ્વભાવ તો તમે જાણો છો. તેઓ લીધી વાત મૂકે તેવાં જ ન હતાં. તેમણે તો નવ આનાની બે ટિકિટો એક એક રૂપિયામાં લીધી અને સિનેમાના થીએટરમાં દાખલ થયાં.

સિનેમા જોતાં જોતાં ફતુભાને એક વિચાર આવ્યો: આમ પૈસા ખરચીને તો સૌ કોઈ સિનેમા જોઈ શકે, પણ

પૈસા વિના સિનેમા જોઈએ ત્યારે ખરા કહેવાઈએ. અને આ માટે તેમને સિનેમાની ટિકિટ વેચનારા બનવાનું મન થયું. 'ઘરનો સિનેમા, જોવો હોય તેટલી વાર જુઓ; કોઈ ના જ ન પાડે.'

ફતુભાની લાગવગ કંઇ જેવી તેવી ન સમજો. તેમને તો આખી દુનિયા ઓળખે. તેમણે બીજેજ દિવસે કૃષ્ણ સિનેમાના માલિક પર ફોન કર્યો અને તેને મળવાનો સમય માગી લીધો. બરાબર બપોરના ત્રણ વાગતાં ફતુભા અને જમનાબેન તેમને મળવા ગયાં અને સિનેમાની ટિકિટ વેચનારની નોકરીની તેમણે માગણી કરી.

આ સાંભળી સિનેમાનો માલિક બોલી ઊઠયો, 'ખરેખર, ફતુભા, હું તમારા જેવા માણસની શોધમાં હતો. અમારો અત્યારનો માણસ બધી ટિકિટો લાંચ લઈને મવાલીઓને વેચી દે છે અને મારી આબરુનું લીલામ કરે છે. તમારા જેવો સાચો માણસ મને મળી જાય તો ખરેખર મારુ સદ્‌ભાગ્ય ગણાય. કારણ કે તેથી મારી આબરૂ વધે. જુઓ, હું મારા અગાઉના માણસને ૮૦ રૂપિયા પગાર આપું છું, પણ હું તમને પૂરા સો રૂપિયાનો પગાર આપીશ. જાઓ, આજ સાંજથી જ નોકરી પર ચડી જાઓ અને ટિકિટો વેચવાની બધી જવાબદારી લઇ લ્યો. જુઓ, કોઇને એક

સાથે બે ટિકિટથી વધારે આપવી નહિ. માણસો ટિકિટો ખરીદી વધુ ભાવે વેચે તો આપણી આબરુ જાય.'

સાંજ પડી ને ફતુભાએ સિનેમાની ટિકિટો વેચવી શરૂ કરી અને મવાલીઓએ એકી સાથે ટિકિટો લેવા ઓફિસ પર દરોડો પાડયો. પણ કોઇની તાકાત છે, કે ફતુભા આગળથી તેમને એક ટિકિટ કરતાં વધારે મળે! મવાલીઓએ ફતુભાને લાંચ આપવાનું કહી વધારે ટિકિટો દેવા ઘણુંયે સમજાવ્યું પરન્તુ તરત જ તેમને સ્ટેશન માસ્તરની ઓસંબી યાદ આવી. ફતુભાએ તો હવે ગાંઠ વાળી હતી કે હવે કદી હરામના પૈસા કમાવા નહિ. આથી બધા મવાલીઓ નારાજ થયા અને ફતુભા બહાર નીકળે ત્યારે તેમને મારવાની ધમકી આપવા લાગ્યા. પરન્તુ ફતુભા કંઈ એમ ડરી જાય તેવા ન હતા. તેમણે તો ઊલટી સામી ધમકી આપી કે 'ખબરદાર, હું કોણ છું તે તમે જાણો છો? હું તો જમનાનો ધણી છું. જેણે એક ઘાએ જ સિંહ માર્યો હતો. તમારા જેવાને તો હું એક ચપટીમાં ચોળી નાખું. જાઓ, ચાલ્યા જાઓ, નાહકનો માર ખાઇને મરી જશો.'

ફતુભાના આવા બોલ સાંભળી બધા મવાલીઓ નિરાશ થયા અને બીજા કોઈ સિનેમા પર તેમની યુક્તિ અજમાવવા ઊપડી ગયા. આ વાત જાણી ફતુભાના શેઠ ખુશી ખુશી થઈ ગયા અને તેમણે ફતુભાને એક સોનાનો ચાંદ ભેટ આપ્યો.

ફતુભા આ ચાંદ રોજ લટકાવે અને ટિકિટ ફાડતાં ફાડતાં તેને દરેક વખતે જુએ.

ø

દિવસો જતા ગયા અને ફતુભાએ અને જમના બેને ધરાઈ ધરાઇને સિનેમા જોયા. પરન્તુ એક વાર એવો કમનસીબ બનાવ બન્યો કે જેથી ફતુભાને નોકરી છોડવી પડી.

વાત એવી બની કે એક વાર એક તોતડો માણસ ફર્સ્ટ કલાસની પાંચ ટિકિટો લેવા આવ્યો. ગીરદી ઘણી હતી એટલે ફતુભા મહામુશીબતે પોતાનું કામ કર્યે જતા હતા. તેમની જગ્યાએ જો કોઇ બીજો માણસ હોય તો કંટાળીને નોકરી છોડી જ દે.

હવે પેલા તોતડા માણસનો ટિકિટ લેવાનો વારો આવ્યો. તે બોલ્યો, 'ફ....ફ....ફ....ફ....ફ....ફર્સ્ટ કલાસ પા.... પા....પા....પા...પા...

ફતુભા આ તોતડાની ભાષા ન સમજ્યા. તેમને તે મવાલી લાગ્યો એટલે તે મોટેથી બૂમ પાડી બોલ્યા, 'શું છે? કેટલી ટિકિટો જોઈએ? બેથી વધુ ટિકિટો નહિ મળે.'

'સા...સા...સાહેબ તમે ફ...ફ...ફ...ફ...ફર્સ્ટ કલાસ પા...પા...પા...'

આ સાંભળી ફતુભાનો મિજાજ ફાટયો. તે બોલ્યા, 'શું

હું ફર્સ્ટ કલાસ પાગલ ! જા જા, મવાલી, સીધો ચાલી જા, નહિતર માર ખાઈશ. '

પેલો માણસ ફતુભાના મિજાજનું કારણ ન સમજી શક્યો એટલે તેણે કહ્યું, ' સાહેબ, ત....ત....ત....ત...તમે ફર્સ્ટ...'

' હવે જા જા, ત...ત...ત...કરતો ચાલી જા, નહિતર માર ખાઈશ. આ ફતુભાનો મુક્કો જોયો છે?' ફતુભા બોલ્યા.

પણ પેલા માણસને તો ફર્સ્ટ કલાસની પાંચ ટિકિટો જોઈતી હતી એટલે બોલવું ચાલુ જ રાખ્યું. આથી ફતુભા ખિજાયા અને મુક્કો ઉગામી મનમાં બોલી ઊઠ્યા, 'આ મવાલી અહીંથી જતો જ નથી ' એટલે તેમણે ગુસ્સામાં આવી જઈ બારીમાંથી પેલા માણસને એવો તો ધક્કો માર્યો કે તે બિચારો જમીન પર ચત્તો પાટ પડી ગયો, ટિકિટ ટિકિટને ઠેકાણે રહી અને બહાર બૂમાબૂમ થઈ ગઈ.

થોડી વાર પછી ફતુભાને પોતાની ભૂલ સમજાઇ. હવે તેમની પાસે એક જ ઉપાય હતો. તેમણે ભેગાં થયેલાં માણસોને વીખેરી નાખવા માટે તરત જ ' હાઉસ ફૂલ 'નું પાટિયું લટકાવી દીધું અને ટિકિટની બારી બંધ કરી બીજે બારણેથી નીકળી જઈ સીધી વિક્ટોરિયા ભાડે કરી ફરવા ચાલી ગયા.

આ જ વખતે સિનેમાનો માલિક પોતાના કુટુંબને લઈ સિનેમા જોવા આવ્યો હતો. તેણે જ્યારે બહાર ' હાઉસફૂલ 'નું

પાટિયું લટકતું જોયું ત્યારે તે હરખાયો, પણ જ્યારે તેણે સિનેમાની અંદર જોયું તો ત્યાં સિનેમા જોનાર માત્ર દસ માણસો જ હતાં. આથી તેને ફતુભાને મળવાની ઈચ્છા થઇ. પણ ફતુભા તેમને ક્યાંથી મળે ?

માલિક આથી બહુ ખિજાયો. અને ' હાઉસફૂલ 'ના પાટિયા પર જ તેણે ફતુભાને નોકરીમાંથી કાઢી મૂક્યા છે અને હવે અહીં દાખલ થવું નહિ, એવી નોટિસ લખી નાખી છે.

બીજે દિવસે જ્યારે ફતુભા રોફમાં ને રોફમાં ગઈકાલની બાકી રહેલી ટિકિટો વેચવા માટે ટિકિટ વેચવાની બારીમાં દાખલ થવા ગયા ત્યાં તો ત્યાં ઊભેલા એક પઠાણે તેમને કહ્યું: ' સાહેબ, યે હાઉસફૂલકા પાટિયા પઢો, અભી તુમ્હારા કામ નહીં. એ સબ ટિકિટ પીછે દે કર ઈધરસે ચલે જાવ. '

પઠાણના આ શબ્દો સાંભળી ફતુભાએ છૂટકારાનો દમ ખેંચ્યો. તે મનમાં બોલ્યા, ' આમેય હું આ નોકરીથી કંટાળી ગયો હતો એટલે ઠીક થયું કે શેઠે મને રજા આપી. મારાથી તેમની પાસેથી રજા મગાતી જ નહોતી. ' આમ બબડતા બબડતા ફતુભા ઘરે પહોંચ્યા અને વિચારમાં ને વિચારમાં પથારીમાં પડ્યા અને પડ્યા તેવા જ ઊંઘી ગયા.



૬

ફતુભા જમનાબેનને નવી મોટરમાં ફેરવે છે

ફતુભા હવે નવી નોકરીની ચિંતા કરતા હતા ત્યારે જમનાબેન મુંબાઇની મોજો માણવાનો વિચાર કરતાં હતાં. તેમને હવે ખૂબખૂબ સિનેમા જોયા પછી મોટરમાં ફરવાનું મન થયું હતું. ફતુભાની આ માટે પૂરેપૂરી ઈચ્છા હોવા છતાં તેમની પાસે પૈસા ન હતા એટલે તે મૂંઝાતા હતા.

'પણ એમ મુંઝાયે શું વળે?' ફતુભાનું યુક્તિબાજ મગજ એકદમ બોલી ઊઠ્યું 'ચાલો, આજે સારામાં સારાં કપડાં પહેરો અને પછી મોટરમાં ફરવા ઊપડીએ.'

ફતુભાએ અસલ રાજા જેવાં કપડાં પહેર્યાં અને જમનાબેને અસલ મહારાણી જેવાં કપડાં પહેર્યાં. આમ બનીઠણીને તેઓ ઘર બહાર નીકળ્યાં ત્યાં રસ્તામાં તેમને તેમનો દોસ્ત મળ્યો. આ દોસ્ત ભાવનગરના રાજાનો મોટર ડ્રાઈવર હતો.. બન્ને મિત્રો ખૂબ ખૂબ ભેટ્યા. પછી ફતુભાએ તેના મિત્રને હળવેથી કહ્યું કે 'અમારે મોટા બજારમાં જવું છે.

અને મોડું ખૂબ થયું છે તો જરા તારી મોટરમાં અમને ત્યાં મૂકી જાને ?'

ઘણા દિવસે મળેલા મિત્રની આટલી માગણીનો મોટર ડ્રાઇવર કઈ રીતે અસ્વીકાર કરી શકે ? તેણે ફતુભા અને જમનાબેનને એકદમ મોટરમાં બેસી જવા કહ્યું. અને મોટર પૂર ઝડપથી હાંકી મૂકી. આ મોટર ફતુભાએ બરાબર ફોર્ડ કંપનીના એજન્ટની ઓફિસ આગળ ઊભી રખાવી અને તેમાંથી નીચે ઊતર્યા.

ફોર્ડ કંપનીનો માલિક સમજ્યો કે ભાવનગરના રાજા પોતાને ત્યાં મોટર ખરીદવા આવ્યા છે એટલે તે વહેલો વહેલો ખુરશીમાંથી ઊઠી ફતુભા અને જમનાબેનને આવકાર આપવા બહાર આવ્યો. ફતુભાને આટલું જ જોઈતું હતું. તેમણે તે એજન્ટને કહ્યું, 'એક સારી મોટર જોઇએ. તદ્દન નવી ઢબની. આપની પાસે હાલમાં આવી મોટર છે ?'

'જરૂર.'

'પણ મને દેખાડ્યા વિના મોટર લેવાની નથી. હું અંદર બેસીને મોટરને ચાલતી જોઈશ; મને જરા પણ આંચકા ન લાગવા જોઇએ. હું પસંદ કરું તે જ મોટર તમારે ખરીદવાની છે.' તેટલામાં જમનાબેન વચ્ચે ચાલાકી કરી બોલી ઊઠ્યાં:

'હા, સાહેબ, હા.' ફતુભાએ જવાબ આપ્યો 'તને પસંદ

ન હોય તેવી મોટર મારે ખરીદવી જ નથી. હું તારા માટે મોટર લઉં એટલે તને તો તે ગમવી જ જોઈએ ને?'

ઉપરની વાતચીત સાંભળી ફોર્ડ મોટરના એજન્ટે પોતાની નવામાં નવી મોટરમાં બેસી અનુભવ લેવા ફતુભા અને જમનાબેનને જણાવ્યું. ફતુભા અને જમનાબેનને આટલું જ જોઈતું હતું. તેમણે તો તરત હા પાડી.

મોટર ચાલી જતી હતી. ફતુભા એજન્ટની સાથે તેની મોટરનાં વખાણની વાતો કરતા હતા અને જમનાબેન મોટરમાં ફરવાની પોતાની હોંશ પૂરી કરતાં હતાં.

નવી મફતિયા મોટરમાં ખૂબ ખૂબ ફર્યા પછી છેવટે ફતુભાએ ફોર્ડના એજન્ટને જણાવ્યું, કે અમે આવતી કાલે પેકાર્ડ મોટર જોવાના છીએ. ત્યાર પછી અમારે કઈ મોટર ખરીદવી તે નક્કી કરવાનાં છીએ. બાકી, એકંદર અમને તમારી મોટર ઘણી જ પસંદ પડી છે. ચાલો ત્યારે સાહેબજી! અમે રજા લઈએ છીએ.'

❦


સાંજે ઘરે આવ્યા પછી ફતુભાએ જમનાબેનને પૂછ્યું, 'કેમ? હવે આવતી કાલે બીજી મોટરમાં ફરશું ને?'

જમનાબેને કહ્યું, 'લોભને થોભ જોઈએ, આટલેથી મને સંતોષ છે; મારે હવે બીજી મોટરમાં નથી ફરવું. નકામી ઉપાધિ થાય.'

※

૭

ફતુભા લાખોપતિ થાય છે.



રાતના નવ વાગ્યા અને ફતુભા અને જમનાબેન સુવાની તૈયારી કરતાં હતાં તેવામાં ફતુભાનું મન ચકડોળે ચડ્યું. આજે તેમણે અજમાવેલી યુક્તિ આબાદ પાર પડી હતી તેથી તેઓ પૂર ઉત્સાહમાં હતા. તેમને અચાનક પેલી સરસ્વતીદેવીની આંખો યાદ આવી એટલે એ યાદ આવતાં તેમણે

જમનાબેનને કહ્યું "હવે આપણને પેલી સરસ્વતીદેવીની આંખોની શી જરૂર છે ? ચાલને આપણે તે પાછી મૂકી આવીએ. જ્યારથી આપણે આ આંખો ચોરી છે ત્યારથી આપણને કંઈક ને કંઈક ઉપાધિ આવી પડી છે. અને તો પેલું 'લોભિયા માટે નકામું છે' એ શબ્દો યાદ આવે છે."

'મારી પણ તેવી જ ઈચ્છા છે. આ વાત તો હું જ તમને કહેવાની હતી. આપણે જ્યારે મોટરમાં સફતિયા ફરતાં હતાં ત્યારે મારૂં મન ધડક ધડક થતું હતું. આ વખતે મારી નજર આગળ એ બે આંખો જ તરવરતી હતી. મનમાં એમ જ થતું હતું કે રખેને આપણા પર કોઈ આ ત આવી પડે.'

'તો પછી આજ રાત્રે જ ચાલોને આપણે ઊપડીએ. ધરમના કામમાં ઢીલ શી ? અને આપણે આજે મોટરમાં ખૂબ ફર્યા છીએ એટલે બધો થાક ઊતરી ગયો છે.'


ફતુભા અને જમનાબેને બરાબર રાતના બાર વાગ્યે પાવડો ત્રિકમ અને તગારું ઉપાડ્યું અને અડધા કલાક પછી તેઓ એપોલો બંદરના પેલા પૂતળા પાસે આવી પહોંચ્યાં. ફતુભાએ ખોદવા માંડ્યું અને જમનાબેને ધૂળ કાઢવા માંડી. છેવટે તેઓ ભોંયરામાં દાખલ થયાં.

પણ જ્યારે તેમણે સરસ્વતીદેવીને જોયાં ત્યાં તો તેઓ ખૂબ નવાઈ પામ્યાં. કારણ કે તેમની આંખો અગાઉના જેવી જ ઝગારા મારતી હતી. આ જોઈ જમનાબેન બોલી ઊઠયાં, 'આ તે કેવું વિચિત્ર! કોઈ જાદુઈ ભોંયરું લાગે છે! આ સરસ્વતીદેવીની આંખો અગાઉના જેવી જ પાછી આવી ગઈ છે. આનું કારણ શું હશે?'

'અરે મૂરખી! તું એમ માને છે કે આ ભોંયરું આપણે એક જ જોયું છે? મારા માનવા પ્રમાણે તો આ ભોંયરું બનાવનાર હજુ જીવતો હોવો જોઈએ. અને તે અવારનવાર અહીં પણ આવતો હોવો જોઈએ. તેણે જ્યારે અહીં આવીને આંખ વિનાનાં સરસ્વતીદેવીને જોયાં હશે ત્યારે તેણે ફરીથી આ બે આંખો ચોટાડી દીધી હશે.

'અને બીજી પણ એક અગત્યની વાત એ છે કે આ ભોંયરામાં આવવાના બે રસ્તા હોવા જોઈએ; કારણ કે મેં આ ભોંયરું બંધ કરતી વખતે એક નિશાની રાખી હતી તે નિશાની એવી ને એવી જ છે. માટે આપણે એ બીજો રસ્તો પણ શોધી કાઢવો જોઈએ.'

ફતુભા આટલું બોલી રહ્યા ત્યાં તો તેમની નજર મંદિરની અંદરના એક બારણા પર પડી. તેમણે તરત જ આ બારણાને ધક્કો મારીને ઉઘાડી નાખ્યું. બારણાની અંદર જઈ બન્ને જણાં જુએ તો ત્યાં એક મોટો ફુવારો હતો.



આ ફુવારામાંથી પાણી ઊડતું હતું અને તેને આરસપહાણના પથ્થરની પરીઓ ઝીલતી હતી. પાસે જ આરસના હંસ હતા. તેમનાં મોઢાંમાં કમળનાં ફૂલ હતાં. આ બધું જાણે જીવતું જ લાગતું હતું. ફતુભા અને જમનાબેન તો આ બધું બે ઘડી જોઈ જ રહ્યાં.

છેવટે ફતુભાએ મૌન તોડયું અને બોલવું શરૂ કર્યું:— 'આ બધું બનાવનાર કોઈ અદ્ભુત કારીગર હોવો જોઈએ. તેણે કળાની પાછળ ફકીરી લીધી હોવી જોઇએ.'

ફતુભા અને જમનાબેન બધું જોતાં જોતાં આગળ ચાલ્યે જતાં હતાં ત્યાં તેમણે એક અરધી કોતરેલી પરી જોઈ. પાસે જ ટાંકણાં પડ્યાં હતાં. દૂર એક નાની ઓરડી હતી. આ ઓરડી પર લખ્યું હતું કે 'ધીરજ રાખશો તો તેનું સારું ફળ મળશે. આ ઓરડી ઉઘાડશો નહિ.' ફતુભાએ અને જમનાબેને આ લખાણ વાંચ્યું. જમનાબેનને ઓરડી ઉઘાડવાનું મન તો થયું, પણ ત્યાં તો તેમને લંડનની મુસાફરી યાદ આવી. એટલે તે ત્યાંથી જ અટક્યાં અને ફતુભાને એ બાબત જરા પણ વાત કરી નહિ.

આ બધું જોઈ ફતુભા અને જમનાબેન પાછા ફરવાનો વિચાર કરતાં હતાં ત્યાં તો ફતુભાને ભોંયરામાં દાખલ થવાનો બીજો રસ્તો યાદ આવ્યો. તેમણે તરત જ પોતાની તીક્ષ્ણ નજર ચારે બાજુ ફેરવી અને જરા દૂર તેમણે એક નાનું બારણું જોયું. ફતુભાએ આ બારણા પર નજર ફેરવી કે રખેને તેના પરનું લખાણ તેમને કંઈ કહેતું હોય. પણ તેના પર કોઈ પણ જાતનું લખાણ નહોતું. એટલે ફતુભા બોલી ઊઠયા, 'આ જગ્યાએ જ ભોંયરું છે. અહીં આવતો માણસ જ્યારે પાછો જાય છે ત્યારે તે અંદરથી બંધ કરતો જાય છે. હવે શું કરવું છે જમના? તું કહે તો આ બારણાને પાટુ મારી તોડી નાખું અને કહે તો આપણે પાછાં જઈએ.'

આ વાતનો જમનાબેન જ્યાં જવાબ આપવા જાય છે

ત્યાં તો તે બારણું ઉઘડયું અને તેમાંથી એક માણસ બહાર આવ્યો. તેના હાથમાં પૂતળાં કોતરવાનો સામાન હતો. ફતુભાએ આ માણસને તરત ઓળખી કાઢ્યો ને એકદમ બોલી ઉઠયા, 'કેમ, શ્રીયુત મદનલાલ ઝવેરી ? તમે આ શો ધંધો માંડ્યો છે ? તમે તો કોઈ અદ્‌ભુત માણસ લાગો છો ! દિવસે ઝવેરી અને રાત્રે કળાકાર ! જીવનમાં ક્યારેય આરામ લ્યો છો કે નહિ ?'

આ સાંભળી મદનલાલ ઝવેરી હસ્યા અને બોલ્યા 'આરામ તો હું જ્યારે આ ભોંયરામાં કોતરવા બેસું છું ત્યારે જ મને મળે છે. પ્રભુએ મને પૈસો આપ્યો છે અને સાથે સાથે કળાનો પૂજારી બનાવ્યો છે. આથી હું મારું નામ અમર કરવા આ ભોંયરું તૈયાર કરું છું. લોકો મારા મરણ પછી પણ મને યાદ કરે તેવી મારી ઈચ્છા છે.

'બાકી ફતુભા, મારે તમને કહેવું પડશે કે મુંબઈ શહેરની અંદર આજે દશ વરસમાં મેં એક જ બુદ્ધિશાળી માણસ જોયો છે અને તે તમે જ છો. આ ભોંયરું પહેલવહેલું—દસ વરસમાં પહેલવહેલું—શોધી કાઢનાર તમે એકલા જ છો. આ માટે હું તમને ધન્યવાદ આપું છું.'

'આ માટે તમારો આભાર. પરન્તુ તમે અમને જે હીરા વેચવા માટે લંડનની મુસાફરી કરવાની સૂચના આપી હતી તેણે તો અમને ખરેખરાં હેરાન કરી નાખ્યાં હતાં. ભલા

માણસ, આવી તે કંઇ મશ્કરી થતી હશે ? મેં તો તમને લંડનમાં દેવાય એટલી ગાળો દીધી હતી. એ તો સારું થયું કે મારો મિત્ર અચાનક અમને મળી ગયો કે જેથી તેની પાસેથી ૨૦૦ પાઉન્ડ ઉછીના લઈને અમે દેશ ભેગાં થઇ શક્યાં. નહિતર તો કોણ જાણે અમારા હાલ કેવા થયા હોત ! લંડનની શેરીઓમાં અમે ભીખ માગી હોત તો પણ અમારું પૂરું ન થાત.'

'તમારા એ મિત્રને મેં જ તમારી પાસે મોકલ્યો હતો અને તેને મેં જ ૨૦૦ પાઉન્ડ અહીંથી મોકલી આપ્યા હતા. મેં તમારી મશ્કરી કરેલી એટલે મારે તમારી ફિકર તો કરવી જ જોઇએ ને ? બાકી ફતુભા, તમે દરવાજા પરનું લખાણ 'લોભ કરવો નકામો છે' એ વાંચ્યા છતાં ય તમે મારી પ્રિય સરસ્વતીદેવીની આંખો કાઢી લ્યો તો પછી મને કેટલું બધું ખોટું લાગે ? તમે આ વાતનું દુઃખ કળાકાર હો તો જ સમજી શકો. તમને લંડન મોકલવાની મશ્કરી મને આ ગુસ્સાએ જ કરાવી હતી.'

'હવે એ બધી વાત જવા દો. હવે હું તમે ખૂબ ખુશ થાવ એવી વાત કરું છું. ચાલો, તમે આ ઓરડીનું બારણું ઉઘાડો અને તેની અંદર લખ્યા પ્રમાણે કરો.'

મદનલાલ ઝવેરીના કહેવાથી ફતુભાએ તે ઓરડીનું બારણું ઉઘાડયું અને તેઓ અંદર દાખલ થયાં. સામી ભીંત

પર મોટા અક્ષરે લખ્યું હતું કે, 'તારી બુદ્ધિથી અને તારી ધીરજથી હું પ્રસન્ન છું. આ બદલ તને આ હીરામાંથી બે હીરા લેવાનો હું હુકમ કરું છું.'

'ફતુભા અને જમનાબેને આ લખાણ વાંચ્યું. ફતુભાએ મદનલાલ તરફ જોયું. એટલે મદનલાલે કહ્યું, 'એમાં મારા સામું શું જુઓ છો ? તમે આમાંથી કોઈ પણ બે હીરા ઉપાડી લ્યો. જોતા નથી કે તમને આ હુકમ કરવામાં આવ્યો છે!'

'પણ મને બીક લાગે છે.' ફતુભાએ જણાવ્યું 'અમારે હવે ફરી લંડનની મુસાફરી નથી કરવી.'

'એ બધી વાત હવે જવા દો. તમે ફક્ત આમાંથી બે હીરા લઈ લ્યો અને તમે હવે લાખોપતિ થયા છો એમ માની લ્યો.'

આ સાંભળી ફતુભાએ બે ચળકતા હીરા લીધા અને પછી રાત ઘણી ચાલી ગઈ હતી એટલે તેમણે મદનલાલની રજા માગી. જતાં જતાં તેમણે કહ્યું કે, 'અમને કદાચ જો તમારી કારીગરી જોવાનું મન થાય તો હવે અમે તમારા ઘરના ભોંયરાના રસ્તે જ અહીં આવીશું. વારેઘડીએ ખાડો ખોદી અમારે અહીં આવવું તે ઠીક નહિ; કોઇને વહેમ જાય.'

'સારું ભાઈ, સારું. જેવી તમારી મરજી. ચાલો, આવજો.'

બીજે દિવસે ફતુભા અને જમનાબેને એ હીરા વેચવાનો

નિશ્ચય કર્યો. આ હીરા કોને ત્યાં વેચવા તે માટે તેઓ વિચાર કરવા લાગ્યાં. છેવટે તેમણે તે હીરા મદનલાલને ત્યાં જ વેચવા એમ નક્કી કર્યું.

બાર વાગ્યા અને ફતુભા અને જમનાબેન મદનલાલ ઝવેરીને ત્યાં ગયાં. ફતુભાએ મદનલાલને નમસ્કાર કરી હસતાં હસતાં કહ્યું, 'જુઓ, મદનલાલ ઝવેરી, અત્યારે હું તમારો ગ્રાહક છું અને તમે ઝવેરી છો. તમે આપણી મિત્રતા ઘડીભર ભૂલી જજો. હું અત્યારે તમારે ત્યાં આ બે હીરા વેચવા આવ્યો છું. તો તેની જે કિંમત થાય તેના પોણા ભાગના પૈસા મને આપો અને બાકીના પૈસા તમારા ભોંયરામાં મારૂં પણ નામ અમર રહે તેવું કંઈક કરવા રાખી લ્યો. આ માટે મારી જો મૂર્તિ ત્યાં મુકાય તો મને ઠીક થઈ પડશે. જો જો, હું તમારો મિત્ર છું એટલે મને વધારે પૈસા આપતા નહિ !'

'કબૂલ છે' મદનલાલે કહ્યુ 'આ લ્યો તમારા હિરાના પંદર લાખ રૂપિયા અને પાંચ લાખ રૂપિયા તમારી એકલાની નહિ પણ સાથે જમનાબેનની પણ મૂર્તિ મારા ભોંયરામાં મૂકવા માટે રાખી લઉં છું.'

ફતુભા રાજી રાજી થઈ પંદર લાખ રૂપિયા લેવા જ્યાં હાથ લંબાવવા જાય છે ત્યાં તો જમનાબેન વચમાં બોલી ઊઠયાં, 'અરે! મદનભાઈ, આ ફતુભાને આટલા બધા રૂપિયા

ક્યાં આપો છો? એ તો સાંજે જ ખલાસ કરી નાખશે. એમ કરોને કે ફતુભાને તમારી આ દુકાનમાં રાખી લ્યોને! ને તમે બતાવશો તે કામ કરશે અને તેમને જરા નવરાશ મળશે તો તમારૂં કળામંદિર વહેલું પૂરૂં થઈ શકશે.'

'આ પણ ઠીક છે; મને તે પસંદ છે. મને ફતુભા જેવા બુદ્ધિશાળી માણસની જ જરૂર છે. પણ તેમને એક શરતે રાખું. આ દુકાન મારા નામના બદલે ' તુભા અને જમનાબેનની કંપની' ના નામે ચલાવવામાં આવે તો જ.'

જમનાબેન તો પોતાનું નામ સાંભળી ખુશ ખુશ થઈ ગયાં અને તેમણે તરત જ બોલી નાખ્યું કે 'એ તો અમારા લાભનું છે. અમને તમારી આ શરત કબૂલ છે.'

બીજે દિવસથી મદનલાલ ઝવેરીની દુકાને 'ફતુભા અને જમનાબેનની કંપની'નું પાટિયું લાગી ગયું અને મદનલાલે પોતાનું કળામંદિર પૂરું કરવા માટે વધારે નવરાશ મેળવવા માંડી. સાથે સાથે તેમણે ફતુભાને ધીમે ધીમે ઝવેરીનો ધંધો શીખવવા માંડ્યો. ફતુભાને આ બાબતમાં વધારે શીખવવું પડે તેવું નહોતું. એટલે તેમણે થોડા વખતમાં જ ઝવેરી બજારમાં સારી નામના મેળવી લીધી.

૮

ફતુભા મુંબઈ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બને છે.

ધીમે ધીમે ફતુભાની આબરુ મુંબઈમાં વધવા લાગી. ફતુભાને હવે પોતાથી મોટી નામના મેળવાશે એમ લાગવા માંડ્યું. આ માટે તેમણે પહેલવહેલું કામ પરદેશી કપડાં છોડી ખાદી પહેરવાનું શરૂ કર્યું અને પોતે એક મોટા દેશ-સેવક છે એમ મનાવવા લાગ્યા. સાથે સાથે તેમણે જમના-બેનને પણ ખાદીનાં કપડાં પહેરાવી દીધાં.

એક દિવસે વહેલી સવારે ઉઠી ફતુભા છાપું વાંચતા હતા. છાપામાં તેમણે વાંચ્યું કે 'મુંબઈ મ્યુનિસિપાલિટીની આવતા જાન્યુઆરી માસની પંદરમી તારીખે ચૂંટણી થવાની છે; આ સમાચાર વાંચી ફતુભા ઝબક્યા. તેમણે એકદમ જમનાબેનને બોલાવ્યાં અને કહ્યું કે, ' લે હવે, આ જો. મને મોટી નામના મેળવવાનો સમય નજીક આવે છે. આવતી જાન્યુઆરીની ૧૫ મી તારીખે છાપામાં મારો ફોટો આવ્યો

સમજી લે. આ માટે તારે એક કામ કરવાનું છે. તું અત્યારથી આપણા ભૂલેશ્વરના લત્તામાં ફર અને દરેક સ્ત્રીને સમજાવ કે તે મને જ મત આપે. આ માટે તું વળી સ્ત્રીઓને આપણા ઘરે ચા–પાણી અને નાસ્તો કરવા બોલાવ, અને દશ હજાર રૂપિયા સુધીનો ખર્ચ કરીને પણ બધી સ્ત્રીઓ મને મત આપે તેવું ભાષણ કરીને સમજાવ.'

'બાપ રે! એક છાપામાં તમારો ફોટો લાવવા માટે આટલો બધો ખર્ચ! મારો ફોટો તો મફતમાં આવ્યો હતો. આપણે આવું નથી કરવું.'

'મૂરખ, તને એમાં શી સમજ પડે! તેં તો સિંહ માર્યો હતો, મોટું પરાક્રમ કર્યું હતું અને મારે તો વગર પરાક્રમે ફોટો લાવવાનો છે. જા, હવે મેં તને કહ્યું છે તે પ્રમાણે આજથી જ કરવા માંડ અને સાથે સાથે બધી સ્ત્રીઓને એમ પણ સમજાવજે કે તેમના ધણી પણ મને મત આપે અને જો તેઓ ના પાડે તો તેમણે તેમના ધણી સાથે ઝગડો કરી રિસાવું. આ કામ ફક્ત દરેક સ્ત્રીને એક એક રેશમી સાડી અને પોલકું ભેટ આપવાથી થઈ જશે. આ કામમાં તારે જરાય મુંઝાવું નહિ, તારે રૂપિયાના ખર્ચ સામે પણ જોવું નહિ. કદાચને દસને બદલે વીસ હજાર રૂપિયા થાય તો પણ મને વાંધો નથી. અને જો, આપણે પેલી નવી 'પેકાર્ડ' મોટર ખરીદી છેને, તેમાં આગેવાન ગણાતી સ્ત્રીઓને ફરવા લઈ

જવાનું પણ ચૂકતી નહિ. તેમની સાથે મીઠી મીઠી વાતો કરજે અને આપણું કામ કાઢી લેજે.'

'જેવી તમારી મરજી. પણ મને તો આ એક નકામી ઉપાધિ જ લાગે છે.' જમનાએ વિચાર કરતાં કહ્યું.

'તું હવે જા. તને શું ખબર પડે કે આ બધાં કામો આ રીતે જ થાય છે! અને તું 'ઉપાધિ' 'ઉપાધિ' કરે છે તે બાબતમાં મારુ તને એટલું જ કહેવું છે કે ઉપાધ વિનાનું જીવન ઢોર જેવું ગણાય છે.'

જાન્યુઆરીની પંદરમી તારીખ આવી અને ફતુભા આ રીતે ઘણા મોટા મત મેળવીને મ્યુનિસિપાલીટીમાં ચૂંટાઈ આવ્યા. પણ તેમને આટલેથી જ સંતોષ ન થયો. તેમને તો હવે મ્યુનિસિપાલિટીના પ્રમુખ બનવાની ઈચ્છા થઈ.

આ માટે પણ તેમણે શામ, દંડ અને ભેદથી કામ લેવા માંડયું. તેમણે કેટલાકને કીમતી ભેટો આપી, કેટલાકને હજારો રૂપિયાની લાંચ આપી અને કેટલાકને પોતે જો પ્રમુખ થશે તો તે નવા કામની ખાનગી વાતો કહી દેશે અને તેમાં હજારો અને લાખો રૂપિયાની કમાણી કરાવી આપશે, એમ તેમણે ખાતરી આપી. આ ઉપરાંત નવા કામના કોન્ટ્રેકટ પણ તેમને આપશે એમ જણાવ્યું.

આ પ્રમાણે બધાને સમજાવી જેમ તેમ કરી ફતુભાએ

સૌથી વધારે મત મેળવી લઇ પ્રમુખ તરીકે ચુંટાઈ ગયા. આ વખતે ફતુભાએ હર્ષમાં આવી જઈ પોતાને મત આપનાર માણસોને ઘરે બોલાવી ચા પાણી અને નાસ્તો આપ્યો, અને તેના બદલામાં બધાએ ફતુભાની જય બોલાવી.

ફતુભાએ હવે મુંબઈ મ્યુ. ના પ્રમુખ તરીકે ધમધોકાર કામ ચલાવવા માંડયું. તેમણે પોતાના સાથીઓને હજારો અને લાખો રૂપિયાનું કામ આપવા માંડયું કોઈને પૂલ બંધાવવાનું તો કોઇને ગટર કે સડક બાંધવાના મોટા કોન્ટ્રેક્ટો આપી દીધા. આ કોન્ટ્રેક્ટોમાં ફતુભાના સાથીઓએ એવી તો મોટી પોલો ચલાવી કે ન પૂછો વાત. તેઓ મ્યુનિસિપાલિટીના હજારો ને લાખો રૂપિયા ખાઈ ગયા અને કામ તદ્દન કાચાં કર્યાં. ફતુભાના કારભારમાં બંધાવેલો પૂલ બીજે જ મહિને જમીનમાં બેસી ગયો. ગટરો જમીનના દબાણુથી તૂટી ગઈ અને ડામરની સડકોમાં મોટાં ગાબડાં પડ્યાં.



૯

ફતુભા બાવાજી બને છે.

ફતુભાનો કારભાર આ પ્રમાણે ચાલતો હતો ત્યાં એક દિવસે કોઈ એક અજાણ્યા લાગતા માણસે તેમની પાસે આવી પચાસ હજાર રૂપિયાની માગણી કરી અને જો ફતુભા આ પૈસા ન આપે તો તેમને જેલમાં પુરાવવાની ધમકી આપી.

ફતુભા આ માણસને બરાબર ઓળખી શક્યા નહિ. તે તો તેમના સ્વભાવ પ્રમાણે ગાજી ઊઠ્યા, 'તારા જેવા હરામખોરો તો મેં કેટલાય જોઈ નાખ્યા. મોટો જેલમાં પુરાવવા આવ્યો છું તે જા, અહીંથી ચાલ્યો જા, નહિતર તું મારા હાથનો નકામો માર ખાઈ બેસીશ.'

પણ પેલો માણસ ફતુભાના આ શબ્દોથી જરાય ડર્યો નહિ. તે તો સીધો પોલિસ ચોકી પર ગયો અને ફતુભા દસ વરસ પહેલાં સોનાના બદલે પિત્તળનો હાર આપી પાંચ હજાર રૂપિયા પોતાની પાસેથી પડાવી ગયા હતા તેથી તેણે તેમની સાથે ઠગાઇની ફરિયાદ નોંધાવી. પોલિસે આથી

ફતુભાને પકડવાનું વૉરંટ કાઢ્યું અને તેમના ઘરે આવી.

આ વખત જમનાબેન ખુરસીમાં પડ્યાં પડ્યાં આરામથી ઝોકાં ખાતાં હતાં. પણ જ્યારે તેમણે ખાખી કપડાંવાળા પોલિસને જોયો ત્યારે તેમનાં ઝોકાં જીવ લઈને નાસી ગયાં. ગમે તેમ તોયે જમનાબેન! એમણે તો ચાલાકી વાપરી બધું પોલિસને પૂછી લીધું અને ફતુભા હાલ ક્યાં છે તે તેમણે જણાવ્યું નહિ.

પોલિસ બહાર ગયા પછી જમનાબેન બધાં ઘરેણાં ગાંઠાં એક નાની પેટીમાં ભરી અને મોટરમાં મૂકી અને પછી તે સીધાં તે જ મોટરમાં બેસી મ્યુનિસિપાલિટીની ઓફિસમાં આવ્યાં. તેમણે ફતુભાને ઈશારો કરી ખાનગીમાં બોલાવ્યા અને બધી વાત કરી. આ સાંભળી ફતુભા છાનામાના સીધે સીધા દાદર સ્ટેશન ચાલી ગયા અને ત્યાંથી બોરીવલીમાં આવેલી કનેરીની ગુફામાં સંતાઈ ગયા.

અહીં મુંબઈમાં મ્યુનિસિપાલિટીની સભા સભાને ઠેકાણે રહી અને ચારે બાજુ ફતુભાની જ વાતો થવા લાગી. કોઇ કહે, ફતુભા નાસી ગયા; તો કોઈ કહે, 'તે કંઇ અગત્યના કારણસર અચાનક ચાલી ગયા.'

બીજે દિવસે પેલા માણસે ફતુભાનો ફોટો દરેકે દરેક છાપામાં છપાવી ઠેર ઠેર દીવાલપત્રો ચોંટાડાવી જાહેર કર્યું કે,

આ માણસનો ઉર્ફે
ફતુભાનો
પત્તો મેળવી આપનારને
રૂ.૧૦૦૦) ઈનામ
આપવામાં આવશે.
લખો,
ભોળાનાથ શાસ્ત્રી
·રાજકોટ.

'આ માણસનો ઉર્ફે ફતુભાનો પત્તો મેળવી આપનારને એક હજાર રૂપિયા ઇનામ અપવામાં આવશે. લખોઃ— ભોળાનાથ શાસ્ત્રી–રાજકોટ.'

આ રીતે ફતુભાનો ફોટો છાપામાં આવ્યો ખરો, પણ તે બીજા રૂપમાં આવ્યો. આ વાતની જ્યારે ફતુભાને ખબર પડી અને જ્યારે તેમણે પોતાનો ફોટો છાપું મંગાવી જોયો ત્યારે તે ખૂબ ખિજાઇને ઈશ્વરને ગાળો દેવા લાગ્યા. જમનાબેને આ સાંભળી તેમને ખૂબ ઠપકો આપ્યો અને કહ્યું, 'પાપ કરતાં પાછું વાળીને જુઓ નહિ તો પછી તેનું આવું જ પરિણામ

આવે ને ? એમાં તમે ઈશ્વરને શા માટે દોષ દો છો ?' દોષ તો તમારો પોતાનો છે. મને તો આ વાત પહેલેથી જ સૂઝી આવી હતી. હું તમને ઘણુંયે વારતી હતી, પણ તમે મારું કહ્યું માનો જ શેના ?'

છેવટે ફતુભાએ ખૂબ ખૂબ વિચાર કર્યા પછી તેમને તેમના મિત્ર મદનલાલ ઝવેરી પર એક કાગળ લખવાનું મન થયું. તેમણે તે કાગળ આ પ્રમાણે લખ્યો:—

કેનેરીની ગુફા નં ૨૪
બોરીવલી
તારીખ યાદ નથી.

પરમ સ્નેહી ભાઇ મદનલાલ કળાકાર,

અમે અચાનક મુંબઈમાંથી રજા લીધી છે તે જાણીને તમને ઘણું આશ્ચર્ય થશે. પરંતુ સંસારમાં તો એ પ્રમાણે જ બન્યા કરે છે. હવે મારી બધી મિલ્કત તમે પેલા ભોંયરામાં જ વાપરી નાખજો. ફક્ત તેમાંથી પચાસ હજાર રૂપિયા પેલા બદમાસને આપજો કે જેણે મારો ફોટો છાપામાં છપાવીની મને બેઆબરુ કર્યો છે. તેને રૂપિયા આપ્યા પછી તેની પાસેથી પાકી પહોંચ લેવાનું ભૂલતા નહિ. હાલ મને મુંબઇ આવવાનું મન થાય છે ખરૂં, પણ શરમ આવે છે.

હવે તો પ્રભુની કૃપાથી ધીમે ધીમે હું મારી દાઢી મૂછો

અને જટા વધારીશ અને કેનેરીની ગુફામાં બાવાજી બનીને પ્રભુ-ભક્તિ કરીશ. લોકો મને અહીં શાંતિ લેવા દેશે તો હું માનું છું કે મારે સ્વર્ગ મેળવવા સિવાય હવે જીવનમાં એકેય પરાક્રમ કરવાનું બાકી નહિ રહે. હું જોઉં છું કે હવે શું થાય છે ? જમના તમને બહુ યાદ કરે છે અને જણાવે છે કે ક્યારેક તમે અહીં અમને મળવા આવી જાવ. જોજો હોં, તમે અહીં અમને મળવા આવો ત્યારે અમને કોઈ ઓળખી ન જાય. મને લખતાં શરમ આવે છે, પણ જમનાના કહેવાથી જ લખું છું કે તમે બાવાજી બનીને અમને મળવા કેમ ન આવી શકો ? જુઓ, પેલા ભૂલેશ્વરમાં નાટકનો સામાન જે દુકાને વેચાય છે ત્યાં દાઢી મૂછ અને મોટી જટા મળે છે. તમે આ વસ્તુનો સારી રીતે ઉપયોગ કરી શકો. સાથે એક જોડ વધારે પણ લાવજો, કે જેથી મને પણ ખરા બાવાજી દેખાવામાં ઠીક પડે. પત્રનો જવાબ કોઈની સંગાથે ખાનગીમાં બીજો માણસ વાંચે તો પણ તેને સમજણ ન પડે તેવી રીતે લખી મોકલશો.

લિ.

તમારો ફતુભા



૧૦

ફતુભાના તપમાં સટોડિયા ભંગ પાડે છે.

ફતુભા અને જમનાબેન કનેરીની ગુફામાં પ્રભુભક્તિ કરવામાં મન પરોવતાં હતાં, પણ તેમનું મન તો તેઓ સાથે લાવેલાં ઘરેણાં કઇ જગ્યાએ સંતાડવાં તેમાં રોકાયેલું હતું. ગુફામાં બારી બારણાં તો હોય નહિ એટલે તેમને આ ઘરેણાં ચોરાઈ જવાની બહુ બીક લાગતી હતી. છેવટે તેમણે આ બધાં ઘરેણાં ગુફામાં જ્યાં હનુમાનની મૂર્તિ હતી તે ખોદીને તેની નીચે સંતાડી દીધાં. ફતુભા અને જમનાબેને આ રીતે ઘરેણાંની ચિંતા ટાળી.

પણ તેમનું નસીબ તો બે ડગલાં આગળ હતું. એક દિવસ એવું બન્યું કે એક સિપાઈ કનેરીની ગુફા જોવા આવતો હતો. જમનાબેને તેને દૂરથી આવતો જોયો કે તેમના પેટમાં ફાળ પડી. રખેને તે પોલિસ ફતુભાને પકડવા આવતો હોય તેમ તેમને લાગ્યું. તેમણે આ વાત તરત ફતુભાને કરી. તેઓ બન્ને જણાએ જંગલની ઝાડીમાં સંતાઈ જવાનું નક્કી કર્યું.

પેલો સિપાઈ ફરતો ફરતો ફતુભાવાળી ગુફા જોવા આવ્યો.

તે હનુમાનની મૂર્તિ જોતો હતો તેવામાં તેની નજર અચાનક ત્યાં પડેલી સોનાની ઘૂઘરી પર પડી. તેણે તે તરત ઉપાડી લીધી. પણ સાથે સાથે આ ઉપરથી એવો વિચાર આવ્યો કે આ હનુમાનની મૂર્તિ નીચે નક્કી કોઇ બાવાજીએ ધન દાટેલું હોવું જોઇએ. આથી તેણે હનુમાનની મૂર્તિ બહાર ખેંચી કાઢી અને અંદર જુએ તો ઢગલાબંધ કીંમતી ઘરેણાં! સિપાઇએ આ બધાં ઘરેણાં લઈ લીધાં અને બીકનાં ને બીકમાં તે એમ ને એમ ભાગ્યો. તેના મનમાં એમ કે રખેને કોઇને આ બાબતની ખબર પડી જાય તો પછી તેના હાથ આવેલાં ઘરેણાં ચાલી જાય! તે તો હનુમાનની મૂર્તિ સરખી કરવા પણ રોકાયો નહિ!

થોડા વખત પછી ફતુભા અને જમનાબેન જંગલની ઝાડીમાંથી પાછાં આવ્યાં અને જેવાં તે ગુફામાં દાખલ થયાં ત્યાં તેમની નજર હનુમાનની કાઢી નાખેલી મૂર્તિ પર પડી. આથી ફતુભા અને જમનાબેનને તો પેટમાં ફાળ પડી. તેઓ કેટલીય વાર મુંગાં રહ્યાં. છેવટે ફતુભા બોલ્યા, 'આપણું નસીબ બે ડગલાં આગળ છે. હશે તે થયું, પ્રભુની જેવી મરજી. હવે આ બાબતમાં શોક કરવો નકામો છે.

ø

રવિવારનો દિવસ આવ્યો અને મુંબઈના લોકો કેનેરી ગુફામાં ફરવા આવવા લાગ્યા. આ વખતે ફતુભાએ મોટાં

દાઢી મૂછ અને જટા લગાવી દીધાં હતાં. તેમનો રૂઆબ અત્યારે ખરેખર મોટા યોગીરાજ જેવો દેખાતો હતો, પણ ફતુભાને મોટી ચિંતા જમનાબેનની હતી. યોગીની સાથે બૈરી હોય તો જોનારને તેમના વિષે શંકા આવે તેમ હતું. આથી ફતુભાએ જમનાબેનને ગુફાની એક અંધારી જગ્યાએ સંતાઈ રહેવાનું જણાવ્યું. જમનાબેન આ વાત સાંભળી જરા અકળાયાં, પરંતુ તેમ કર્યા વિના તેમનો છૂટકો ન હતો.

આ વખતે કનેરીની ગુફામાં અનેક જાતનાં માણસો ફરવા આવતાં હતાં. કોઈ મોજમજાહ કરવા તો કોઈ મોટા ગુરુની શોધમાં, કોઈ જ્ઞાની પુરુષનાં દર્શન કરવા તો કોઈ બાવાજી પાસેથી તપના બળે સટ્ટાનો નંબર લઈ હજારો રૂપિયા કમાવાની લાલચે આવતાં હતાં.

ફતુભાને આ ચારે જાતના માણસો મળવા આવ્યાં. મોજમજાહ માણવા આવેલાં માણસો સાથે એક નાનો છોકરો હતો. તેને ફતુભાની લાંબી મૂછ બહુ ગમી ગઈ. તેણે તો ફતુભા વાતમાં હતા ત્યારે અચાનક તેમની મૂછ ખેંચી કાઢી. આ જોઈ બધાં માણસો ખૂબ હસી પડ્યાં, સાથે ફતુભા પણ સમય વિચારી હસવા લાગ્યા. વળી એક માણસને ફતુભા મોટા ગુરુ ન લાગ્યા તેથી તેણે તેમનો ચેલો થવાનું માંડી વાળ્યું. ફતુભાને આ ફાવી ગયું; નહિતર તેમને એક વધારે ઉપાધિ વળગત. કેટલાક

માણસોને ફતુભા મહાજ્ઞાની લાગ્યા ત્યારે કેટલાકને તો તે ગપ્પીદાસ લાગ્યા.



સૌથી છેલ્લે ફતુભાને મળવા બે માણસો આવ્યા. તે ફતુભાને પગે લાગીને તેમના પગ દાબવા મંડી પડ્યા. ફતુભા આથી મુંઝાયા: કારણ કે તેમને પોતાની દાઢી મૂછ અને જટા પડી જવાની બીક લાગતી હતી. પણ ફતુભા એમ એકદમ ગભરાય તેવા ન હતા. તે બોલ્યા, 'બચ્ચાઓ, હું તમારી ભક્તિથી ખુશ થયો છું. બોલો, તમારે શું દુઃખ છે? પ્રભુની ઈચ્છા હશે તો હું તમારું દુઃખ મટાડી દઈશ. માગો, કંઇક માગો.'

ફતુભાના આ શબ્દો સાંભળી તેમાંનો એક માણસ બોલ્યો, 'યોગીરાજ, આપ તો પ્રભુના મહાન ભક્ત છો.

આપે તો આખી જિંદગી તપ કરવામાં ગાળી છે. આપના જેવો કોઈ સમર્થ યોગી અમે હજુ સુધી અમારા જીવનમાં જોયો નથી. આપ તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન-કાળના જાણનારા છો, આપ તો મહાસમર્થ યોગીરાજ છો.

' અમને દુઃખ તો કશું પણ નથી, પણ આજકાલ પૈસાની ઘણી મુશ્કેલી છે. આપની રજા હોય તો અમે આ બાબતમાં આપને કંઈક પૂછીએ. આપ અમને આ બાબતમાં નિરાશ નહિ જ કરો એવી અમારી ખાતરી છે. '

' જરૂર, નહિજ. તમે મને ખુશીથી દિલ ચાહે તે પૂછી શકો છો. ' ફતુભાએ જવાબ આપ્યો.

' તો પછી યોગીરાજ, આવતી કાલે ફીચર્સનો કયો નંબર લાગશે તે અમને કૃપા કરીને કહો. આપનો આપેલો નંબર જો સાચો પડશે તો અમે આપના ચરણે સો રૂપિયાની નોટ ધરીને આપની આરતી ઉતારશું. ' બીજા સટોડિયાએ કહ્યું.

સટોડિયાનો આ સવાલ સાંભળી ફતુભા મુંઝાયા. તેમની હવે કસોટી થાય છે એમ તેમને લાગ્યું. પણ સાથે સાથે તેમના પગમાં આવી પડનારી સો રૂપિયાની નોટ તેમને લલચાવ્યા અને ફતુભાનો 'હિંમતે મરદા તો મદદે ખુદા ' નો સિદ્ધાંત હતો એટલે તે તરત સાચો ખોટો નંબર આપવા જતા હતા ત્યાં તો તેમને આ બાબતમાં

જમનાબેનની સલાહ લેવી જરૂરી લાગી. આથી તે બોલ્યા, 'તમારો પ્રશ્ન હું બરાબર સમજ્યો છું. તમારું આ કામ હું કરી આપી શકું તેમ છું, પરન્તુ આ માટે મારે અરધા કલાકના એકાંતની જરૂર પડશે. જાઓ, તમે પેલા દૂર ઝાડ પાસે બેસો. હું તમને જ્યારે બોલાવું ત્યારે તમે મારી પાસે આવજો.'

'જેવી આપની આજ્ઞા, ગુરુરાજ.' કહેતા તે બન્ને માણસો ત્યાંથી ચાલી નીકળી દૂર આવેલા ઝાડ નીચે બેઠા.

પેલા માણસોને દૂર બેઠેલા જોઈ ફતુભા ઊભા થયા અને સીધા 'જય બજરંગ બલી કી' બોલતા જ્યાં જમનાબેન સંતાયાં હતાં ત્યાં ગયા અને તેમને બધી વાતથી વાકેફ કર્યાં. તેમણે તેમની આ બાબતમાં સલાહ લીધી. રૂપિયા સોની નોટની પણ વાત કરી. પૈસા બિલકુલ ખલાસ થઈ ગયા છે તેથી આ સારો રસ્તો છે, એમ બન્ને જણાંને લાગ્યું. વધુમાં ફતુભાએ જમનાબેનને કહ્યું કે, 'આપણે આપેલો નંબર સાચો પડે તો ઠીક છે, નહિતર આપણું શું જવાનું છે. અને ખોટું પડશે તો જોયું જશે.'

'એ બધું તો ઠીક. પણ તમે તે લોકોને કયો નંબર આપશો? જુઓ, મને તો પાંચ નંબર હૈયે બેસે છે. તમે જ્યારે મ્યુનિસિપાલિટીમાં જતા ત્યારે તમને ખબર ન પડે તેમ હું કોઇ કોઈ વાર જ્યારે નંબર લગાડતી ત્યારે મારો પાંચ

નંબર દરેક વખતે લાગતો. માટે મારું કહ્યું માનો તો તેમને પાંચ નંબર જ આપજો.'

'જેવી તારી મરજી. આપણે તો તેમને કોઇપણ એક નંબર આપવાનો જ છે ને!'

આ પ્રમાણે બધી વાત પૂરી થયા પછી ફતુભા ભોંયરામાંથી 'જય, બજરંગ બલી કી જય' બોલતા બહાર આવ્યા. તેમણે પેલા બે માણસોને ઈસારો કરી બોલાવ્યા અને તેમણે કહ્યું કે, 'જુઓ બચ્ચાઓ, તમારું નસીબ હવે ખુલી જવાનું છે. બજરંગ બલીની તમને સહાય છે. આવતી કાલથી બે દિવસ સુધી પાંચ નંબર રમે જાઓ. બજરંગ બલી તમને ઢગલાબંધ પૈસા અપાવશે. જાઓ, તમારું કલ્યાણ થાઓ. મારા તમને આશીર્વાદ છે.'

બન્ને સટોડિયા હરખાતા હરખાતા પાંચ નંબર લઇને ગયા અને બન્યું પણ એવું જ કે ફતુભાની વાણી ખરેખર સાચી પડી અને તેઓ દસ હજાર રૂપિયા કમાયા. આથી તેઓ ત્રીજે દિવસે ફતુભાના દર્શને આવ્યા અને તેમના ચરણોમાં સોના બદલે એક હજાર રૂપિયાની નોટ મૂકી અને તેમને પગે લાગી હારતોરા પહેરાવ્યા અને મિઠાઈના કંડિયાની ભેટ ધરી. વધુમાં તેઓ પાંચ નંબરમાં દસ હજાર રૂપિયા કેવી રીતે કમાયા તેનો તેમણે ફતુભાને ઇતિહાસ કહ્યો અને ફરીથી બીજો નંબર માગ્યો.

ફતુભા આથી હરખાયા, પણ સાથે સાથે તેમની મૂંઝવણ પણ વધવા લાગી. આમ છતાં ફતુભાની તરત બુદ્ધિએ થોડા વખત માટેની આ મૂંઝવણ ટાળી. તે બોલ્યા, 'હમણાં હું ચાર દિવસ બજરંગ બલીની પૂજામાં છું. મારાથી હમણાં કોઇને આવો નંબર ન આપી શકાય. આ માટે તમે આવતા રવિવારે આવજો અને મારા પ્રભુની ઈચ્છા હશે તો તમે હજારોના બદલે લાખો રૂપિયા કમાશો.'

સટોડિયા આ સાંભળી નિરાશ થયા, કારણ કે તેમને હવે ચાર દિવસની રાહ જોવાની આપી હતી. તેમણે વિચાર્યું કે ખોટી ઉતાવળ કરવા જતાં જો ગુરુદેવ ખિજાઈ જશે તો ઊલટું કમાવાના બદલે ખોટ કરાવશે. આથી તેમણે ફતુભાને ખોટું ખોટું હસતાં કહ્યું, 'ભલે, યોગીરાજ, જેવી આપની મરજી. આ કામ પ્રભુભક્તિ અને તપનું છે તે અમે બરાબર સમજીએ છીએ. તમે શાંતિથી બજરંગ બલીની પૂજા કરો. અમને આ બાબતમાં જરાય ઉતાવળ નથી.' આમ બોલી તેઓ ફતુભાનો ચરણસ્પર્શ કરીને પ્રણામ કરી ચાલ્યા ગયા.

ફતુભાએ જોયું કે હવે સટોડિયા ચાલી ગયા છે એટલે તેમણે જમનાબેનને ઈશારો કરી બહાર આવવા કહ્યું. જમનાબેને જેવી હજાર રૂપિયાની નોટ જોઈ કે તરત તે બોલી ઊઠ્યાં, 'કાં! હું નહોતી કહેતી, કે પાંચ નંબર

આવ્યો જ સમજો. બોલો, મારું કહેવું સાચું પડ્યું કે નહિ ?'

'તારું કહેવું બરાબર સાચું પડ્યું, પણ હવે આપણે આ ધંધો નથી કરવો. આપણે આપેલો નંબર કોઈક દિવસે ખોટો પડે ત્યારે તે લોકો હજારો રૂપિયાની ખોટ કરે ને આપણા પર નકામા ખિજાય. કોઈક દિવસે આ મારાં નકલી દાઢી મૂછ અને જટા ખેંચી કાઢવાના દિવસો આવે ત્યારે મારી આબરુ જાય. મારી તો હવે સલાહ છે કે આ લોકો રવિવારે આપણી પાસેથી નંબર લેવા આવે તે પહેલાં જ આપણે અહીંથી કોઈ નાના ગામમાં સંસારી બની ચાલ્યા જવું. આપણી પાસે આ હજાર રૂપિયાની નોટ છે તેથી આપણું ગાડું હમણાં ચાલશે અને પછી આપણે કોઈક નવો ધંધો શોધી કાઢીશું.'

છેવટે શનિવારની વહેલી સવારે ફતુભા નક્કી કર્યા મુજબ પોતાનાં નકલી દાઢીમૂછ અને જટા ફેંકી દઈ સંસારી બન્યા. પછી તેઓ જમનાબેન સાથે બોરીવલી સ્ટેશને આવી થાણા જિલ્લામાં આવેલા એક નાનકડા નારગોળ ગામ જવા નીકળ્યા.

*

૧૦

ફતુભા વૈદ્ય બને છે.

ફતુભા અને જમનાબેન સંજાણ આવ્યાં અને ગાંડાભાઈની ધર્મશાળામાં ઊતર્યાં. આ ધર્મશાળા નામની જ હતી. તેમનો ઘણો ખરો ભાગ ડાહ્યાભાઈના સપુતોએ મુસાફરોના અભાવનું કારણ જણાવી લોકોને ભાડે રહેવા આપી દીધો હતો. માત્ર બહારનો એટલો જ કે જે ભાડે આપી શકાય તેમ નહોતો તે મુસાફરો માટે રાખવામાં આવ્યો હતો. અને આથી જ ડાહ્યાભાઇની ધર્મશાળાનું પાટિયું પવનની લહેરમાં ઝૂલી શકતું હતું. આવી સ્થિતિમાં ત્યાં ગાદલાં ગોદડાં અને વાસણ મળવાની વાત જ કેમ યાદ આવે? આથી જમનાબેનને આ ધર્મશાળા ઊંડે એટલા પર વધુ સમય રહેવાને માટે શરમ આવી. તે તો બોલી પડ્યાં, કે 'આથી તો આપણી કેનેરીની ગુફા સારી.' પણ આ વખતે તેમને સાથે સાથે બીજો પણ વિચાર આવ્યો એટલે તેમણે ફતુભાને કહ્યું, 'જાઓ, ગામમાં જઈ કોઈ એક સારું ભાડાનું ઘર શોધી લાવો અને સાથે સાથે બજારમાંથી રસોઈનો સામાન પણ લઈ આવો.'

ફતુભા જાફર રવજીની દુકાને ગયા. તે કાઠિયાવાડનો હતો તે જાણીને ફતુભા ખીલ્યા; કારણ કે તે પોતે પણ કાઠિયાવાડના હતા. બન્ને જણા વાતોએ ચડ્યા અને વાતવાતમાં ફતુભાએ આ ગામમાં કયો ધંધો સારો ચાલે તે પૂછી લીધું.

ફતુભાનો આ સવાલ સાંભળી જાફરને તેમની મશ્કરી કરવાનું મન થયું. તેણે કહ્યું, 'અહીં સૌથી સારો ધંધો તો વૈદનો ચાલે. કારણ કે આ ગામમાં ડૉક્ટર ઘણા મુઆ છે, પણ વૈદ એકેય નથી. જો તમે અહીં નજીકના ઉમરગામ જઇને કેશવલાલ વૈદ આગળથી થોડું ઘણું શીખી આવો તો તમે અહીં વૈદ તરીકે સારી રીતે જામી જાવ.' ફતુભાને આ વાત તરત ગળે ઊતરી. ત્યાર પછી ગામમાં જઈ ભાડાનું ઘર શોધી આવ્યા અને જમનાબેનને ત્યાં લાવી રસોઈ કરવાની શરૂઆત કરી. રાંધતાં રાંધતાં ફતુભાએ વૈદના ધંધાની વાત કરી. જમનાબેને આ વાત સાંભળી તરત કહી દીધું કે, 'જે વાતમાં આપણું જ્ઞાન ન હોય તે બાબતનો ધંધો કરવો તે મને નકામું લાગે છે. કારણ કે તેથી આપણી આબરૂ જાય.'

આ વાત સાંભળી ફતુભા બોલ્યા, 'હવે આબરૂ ને બેઆબરૂ બધું ઠીક છે. આપણે ક્યાં જીવનમાં ઓછા રંગ કર્યા છે! એક વધારે. તું તારે આ બાબતમાં શાંતિ

રાખને. હું હમણાં જ મુંબઇથી એક દવાનું પુસ્તક મંગાવી લઉં છું અને ઉમરગામ જઇ બે ચાર દિવસમાં કેશવલાલ વૈદ પાસેથી બધું શીખી આવું છું. આટલું કર્યું એટલે સમજને કે વૈદ તરીકે આપણો ધંધો ચાલુ થઈ જવાનો. માણસોમાં અક્કલ હોય છે? અને વળી તેઓ આપણને ક્યાં ઓળખતા હોય છે કે આપણને ચિંતા કરવાની જરૂર પડે. મને તો આ જ ધંધો કરવો હૈયે બેસે છે. પછી તારી મરજી.'

જમનાબેન હવે લાચાર હતાં. તે ફતુભાને માટે બીજો ધંધો શોધી આપી શકે તેમ નહોતાં, એટલે તેમણે કંટાળીને આ ધંધો કરવાની હા પાડી.

તરત જ ફતુભાએ મુંબઈથી એક દવાનું પુસ્તક મંગાવી લીધું. તેઓ આ પુસ્તક લઈ ઉમરગામના વૈદ કેશવલાલ આગળ ગયા. કેશવલાલે જણાવ્યું કે 'જુઓ ફતુભા, હમણાં તમે અહીં મારી પાસે બેસો અને હું જે પ્રમાણે કરૂં તે જોયા કરો.' ફતુભા આ બાબતમાં કબૂલ થયા.

હવે વાત એમ બની હતી કે આ ગામમાં આગળના દિવસે જમણ થયેલું હોવાથી બધા માણસોએ ખૂબ ખૂબ ખાધું હતું. તેમણે એટલે સુધી ખાધું હતું કે તેઓ પરું બોલી શકતા નહોતા અને ચાલી પણ શકતા નહોતા. મહા-મુસીબતે તેઓ કેશવલાલ વૈદ પાસે આવતા હતા અને આ માટે તેઓ દવા માગતા હતા. વૈદ દરેકને તપાસે અને ઝાડો

કરવાની દવા આપી કહેતા કે, 'જુઓ ભાઈ, બધાંને તો આ નેપાળાનો રેચ જરાક આપું છું, પણ તમને એકદમ સારૂં થાય તે માટે જરા વધારે આપું છું. માટે ઘેર જઈ આ દવા વહેલી તકે લઈ લો અને જ્યારે તમને સારું થયું હોય તેવું લાગે ત્યારે ખીચડી કરીને ખાઈ લેજો.'

ફતુભાએ આખો દિવસ આ નેપાળાનું નાટક જોયું એટલે તેઓ મનમાં બોલી ઊઠ્યા, 'આ વૈદના ધંધામાં તે શું બળ્યું છે? ખાલી એક નેપાળાનો રેચ બધાંને આપવાનો હોય છે. હવે તેમને અહીં વધારે વખત રોકાવું બીનજરૂરી લાગ્યું. તેમણે તો કેશવલાલ વૈદને કહ્યું, 'વૈદરાજ, હું હવે તમારું વૈદું બરાબર શીખી ગયો છું. મારા માટે હવે વિશેષ જ્ઞાનની જરૂર નથી. તો કૃપા કરી મને મારે ઘેર પાછો જવાની રજા આપો.'

વૈદ સમજી ગયો કે ફતુભા ઘણા હોશિયાર છે એટલે તેણે કહ્યું, 'જેવી તમારી મરજી. તમારા જેવા હોશિયાર માણસો તો મારે ત્યાંથી એક દિવસમાં તો શું પણ ઘણીવાર અરધા દિવસમાં વૈદું શીખી જાય છે. હવે તમારે અહીં રોકાવાની જરૂર નથી. તમે ખુશીથી તમારે ઘેર સંજાણ જઈ શકો છો.'

સંજાણ આવ્યા પછી ફતુભાએ એક નાનું દવાખાનું બનાવ્યું અને એક પાટિયું ચીતરાવી દવાખાનાના આગળના ભાગ પર એને લટકાવ્યું. આ પાટિયામાં નીચે પ્રમાણે લખ્યું હતું:—


શ્રી જમનાદેવી ઔષધાલય

દરેક રોગની દવા કરનાર
મનની ચિંતા દૂર કરનાર
કાયમનું દુઃખ મટાડનાર

વૈદરાજ ફતુભા ઝાલા

ફતુભા રોજ સવારે દવાખાનામાં બેસે અને આર્યભિષક્ નામનું દવાનું પુસ્તક હાથમાં લઈ વાંચવાનો ઢોંગ કરે; પણ ગામનો કોઈ માણસ તેમની દવા લેવા ન આવે. ફતુભા આથી મુંઝાયા. અને આ બાબત વધુ વિચાર કરવા લાગ્યા. એવામાં તેમના દવાખાના પાસે થઇને એક કુંભાર જતો હતો. કુંભાર પણ ફતુભાની માફક ચિંતામાં હતો. ફતુભાએ તેને જોયો અને તેની ચિંતાનું કારણ પૂછ્યું. આથી કુંભારે કહ્યું, 'મારી ચિંતાનું કારણ મને પૂછશો જ નહિ. ફતુભા, મારો એકનો એક ગધેડો ક્યાંક નાસી ગયો છે તે જડતો જ નથી. મારા જેવા ગરીબ માણસનો તે રોટલો ગણાય. તમે ક્યાંય એને જોયો છે?'

'અરે! રામલા! આમાં તું આટલી બધી ચિંતા શા માટે કરે છે?' ફતુભાએ કહ્યું 'આ માટે મારી પાસે સારામાં સારો ઇલાજ છે. તારો ગધેડો તારા ઘેર બેઠાં આવે તો પછી તને કંઇ વાંધો છે? આ માટે મારી દવાની એક પડિકી જ બસ છે; બોલ છે વિચાર?'



'હેં! ગધેડો લાવવાની પણ દવા હોય છે? ફતુભા! મને તો આ વાતની આજે જ ખબર પડી!'

'એ તો તારું લાંબા વખતનું અજ્ઞાન છે. અમે રહ્યા વૈદરાજ. અમારી પાસે દરેક જાતની મુશ્કેલીની દવા હોય છે. ફક્ત માણસોએ તે વાપરવી જોઇએ. અને જો રામલા, આ ફતુભાની દવા જેવી તેવી નહિ સમજતો. એ તો અદલ ઇન્સાફ. એની તો તને એક વાર વાપર્યા પછી જ ખાતરી થશે.'

'ત્યારે તો ફતુભા, મને અત્યારે ને અત્યારે દવા આપો.' રામલો બોલી ઊઠ્યો.

'મારી ક્યાં ના છે? લે આ પડિકી. તેમાં નેપાળો છે. આ દવા ખાવાથી તને ઝાડા થશે, પણ મૂંઝાઈશ નહિ. અને જો, જેવો તારો ગધેડો ઘરે આવે ત્યારે ખીચડી પકાવીને ખાઈ લેજે.'

રામલાએ દવાની પડિકી હાથમાં લીધી અને તેના પૈસા માટે લાચારી કરવા જેવું મોઢું કરવા લાગ્યો. ફતુભા તેની આ વાત સમજી ગયા એટલે તે બોલ્યા, 'જા, રામલા, જા. તારી દવાના તે પૈસા મારાથી લેવાય?'

રામલો તો હરખાતો હરખાતો ઘરે ગયો અને ફતુભાની આપેલી દવા ખાઈ ગયો. તેને થોડા વખતમાં દવાની અસર થઇ અને ઝાડા પર ઝાડા થવા લાગ્યા.

બરાબર રાતના બાર વાગ્યે રામલો પોતાના વાડામાં ઝાડે ફરવા જતો હતો ત્યાં તો તેણે પોતાનો ગૂમ થયેલો ગધેડો ઊભેલો જોયો. આથી રામલો બોલી ઊઠ્યો 'અલી રૂપલી!

સાંભળ્યું કે? આ ફતુભાની દવાની અસર જોઇ? આપણો ગધેડો ઘેર બેઠાં પાછો આવી ગયો! ખરેખર, ફતુભા આપણા ગામનું રતન છે.'

રામલાને ફતુભાની દવાનો મોટો ચમત્કાર લાગ્યો. તે તો આખા ગામમાં જ્યાં જાય ત્યાં આ ફતુભાની દવાની જ વાત કરે અને તેમને કહે, 'તમારે હવે ફતુભાની જ દવા લેવી.'

હવે એક વાર એવું બન્યું કે આ રામલો ગામના એક વિઠલ દરજીને ત્યાં માટી નાખવા ગયેલો. ત્યાં તેણે વિઠલ દરજી અને તેની વહુને લડતાં જોયાં. વિઠલની વહુ વિઠલને બહુ ધમકાવતી હતી. આ જોઈ રામલાને વિઠલની દયા આવી. તે ખૂબ દુબળો દેખાતો હતો. તેનું કારણ હવે તે સમજી શક્યો. તે તો બીજે જ દિવસે વિઠલની દુકાને ગયો અને તેને કહ્યું, 'ભલા માણસ, તને ઘરની બૈરીનું આટલું બધું દુઃખ છે તો પછી તું આપણા ગામના ફતુભા વૈદરાજની દવા કેમ નથી લેતો? એની આગળ તો એવી એવી જાતની દવા છે કે ન પૂછો વાત.'

'પણ મને કંઇ રોગ થોડોક જ થયો છે? આ તો અમારી લડવાડનું કારણ છે. એમાં તે કંઈ દવા લેવાની હોય?'


'અરે! ભાઈ, ફતુભાની દવા આવા કામમાં જ લેવાની હોય છે. અને જો તને આ બાબતમાં શરમ થતી હોય તો ચાલ, હું તારી સાથે આવું અને તારી બધી વાત કરીને દવા અપાવું. ચાલ, તેમાં શરમાવાનું શું છે?'

વિઠ્ઠલ દરજીને રામલાની વાતમાં વિશ્વાસ નહોતો, પણ તેને એની વઢકણી બૈરીનું એટલું બધું દુઃખ હતું કે જેથી રામલાની સાથે ફતુભાના ઘરે જવા તૈયાર થયો.

બન્ને જણા ફતુભાના ઘરે આવ્યા અને રામલાએ વિઠ્ઠલના દુઃખની વાત ઉપાડી. ફતુભાએ આ બધી વાત પહેલેથી છેલ્લે સુધી સાંભળી. ખૂબ વિચાર કર્યા પછી ફતુભા નેપાળાની એક પડિકી વાળતાં વાળતાં બોલ્યા, ' જો વિઠ્ઠલ, તારો કેસ ઘણો ગંભીર છે. તને આ દુઃખ ઘણા લાંબા વખતનું છે, માટે તે મટતાં તને જરા વધારે વખત લાગે તે સ્વાભાવિક છે, એમ માનીને વળતે તારે ખાલી ' રામ ' શબ્દનું રટણ કરવું. અને બીજી વાત એમ છે, કે તમારે આ મારી દવાની વાત બિલકુલ ખાનગી રાખવી; નહિતર તેની જરા પણ અસર થશે નહિ. જા, આજ રાત્રે આ પડિકી ખાઈ જજે અને જ્યાં સુધી તારી બૈરી તારી માફી માગે નહિ, તને પગે પડે નહિ અને ફરી નહિ લડવા માટે એના બાપના સોગન ખાય નહિ ત્યાં સુધી તું બિલકુલ ખાતો નહિ. અને માફી માગ્યા પછી તેના હાથની રાંધેલી જ ખીચડી ખા. જા, હવે બધું ઠીક થઈ રહેશે. આ બાબત મારી પાકી ખાતરી છે. '

આ પ્રમાણે વિઠ્ઠલ ફતુભાની દવા લઇને ઘેર ગયો અને ખૂબ ખૂબ વિચાર કરી છેવટે રાત્રે તેણે ફતુભાનું નામ લઈ દવા ખાઇ લીધી. દવાની અસર તરત જ થઈ અને વિઠ્ઠલ

પા પા કલાકે ઝાડે ફરવા લાગ્યો. સવાર પડતાં તો ગામમાં વિઠલને ખૂબ ઝાડા થઈ ગયા છે એની બધાંને ખબર પડી. તેની સ્ત્રીએ વિઠલને ડૉ. ફરામરોઝની દવા લેવાને જણાવ્યું, પણ વિઠલે તો તેનો જવાબ ' રામ ' શબ્દથી જ આપ્યો. હવે તો ભગવાન મોત આપે તો છૂટું તેમ તે બોલવા લાગ્યો અને તેની થયેલી ખરાબ તબિયતનું કારણ તેની બૈરીના વઢકણા સ્વભાવ પર બધાં ફિટકાર દેવા લાગ્યાં. વિઠલની બૈરી આથી મુંઝાઇ, તેની નજરે હવે વિઠલ મરી જતો લાગ્યો. એટલે તે પોક પોક મૂકીને રડવા લાગી અને પોતાના નસીબને દોષ દઈ બોલવા લાગી કે, હું કેવી મૂરખી ! મેં જ લડી લડીને આ વિઠલને મારી નાખ્યો. હે પ્રભુ ! હવે તું મારા વિઠલને બચાવ. હવે હું તેની સાથે કોઈ દિવસ લડું તો મને મારા બાપના સમ છે.' આમ બોલતી બોલતી તે વિઠલ



પાસે આવી અને તેના પગ પકડીને બોલવા લાગી, કે ' તારી માંદગીનો બધો દોષ મારો છે. માટે હવે તું મને માફ કર. હું તને પગે લાગીને કહું છું—તારા પગમાં પડીને કહું

છું, કે હું તારી સાથે કદી નહિ લડું. હવે તું દુઃખ નહિ લગાડ; બધું ભૂલી જા. અને ડૉ. ફરામરોઝની દવા પીવાની હા પાડ. કહે તો હું જાતે જઇને ડૉક્ટરને તેડી આવું.'

વિઠ્ઠલ પથારીમાં પડ્યો પડ્યો આ બધું સાંભળતો હતો. તેને લાગ્યું, કે હવે વૈદ ફતુભાની શરત પ્રમાણે બધું બની ગયું છે. તેથી તે જરા ખોટો ખોટો મિજાજ કરીને બોલ્યો 'તારી વાતમાં મને હવે વિશ્વાસ આવે છે. પણ તું મને કંઈક ખાવાનું કરીને તો ખવરાવ, છેવટે મને ઊની ઊની ખીચડી કરીને તો આપ.'

લાંબા વખતે વિઠ્ઠલને બોલતો સાંભળી તેની વહુને હવે આશા આવી. તેને લાગ્યું કે 'હવે પ્રભુએ મારાં પાપ માફ કર્યાં છે અને વિઠ્ઠલને મારી પાસે ફરીથી મોકલી આપ્યો છે; એટલે તે હરખાતી હરખાતી રસોડામાં ગઈ અને વહેલી વહેલી ખીચડી કરીને વિઠ્ઠલને ખવડાવવા લાગી. આથી વિઠ્ઠલને ઝાડા બંધ થયા અને તે મનમાં વૈદરાજ ફતુભાના ગુણ ગાવા લાગ્યો.

ફતુભાની કીર્તિ હવે આખા સંજાણ ગામમાં ફેલાઇ. પણ હજુ ફતુભાના નસીબમાં વધારે કીર્તિ મેળવવાનું લખેલું હતું. એક દિવસ એવું બન્યું, કે આ જ વિઠ્ઠલ દરજી એક પૈસાદાર રજપૂતને ત્યાં કપડાં સીવવા ગયો હતો. આ રજપૂત બે બૈરી પરણ્યો હતો. તેમાં એક માનીતી હતી અને બીજી અણમાનીતી હતી. તે કદીએ અણમાનીતી સાથે વાતો કરતો નહોતો.

આ અણુમાનીતી બૈરી વિઠલ આગળ પોતાનાં દુઃખની વાત કરતી હતી. વિઠલ તે બધું સાંભળ્યે જતો હતો. ત્યાં અચાનક તેને વૈદરાજ ફતુભા યાદ આવ્યા. તેણે તેને આ બધાં દુઃખનું નિવારણ કરવા માટે ફતુભાને મળવા જણાવ્યું અને વધારામાં પોતાનો દાખલો આપી તેને ભારપૂર્વક સમજાવ્યું, કે તેણે આજ બપોરે જ ફતુભાને પોતાનાં બધાં દુઃખોની વાત કરવી અને પછી તે કહે તે પ્રમાણે તેણે કરવું.

આ અણુમાનીતી બૈરી બપોર થયો કે તરત ફતુભા પાસે ગઈ અને તેણે તેનાં બધાં દુઃખની વાત કરી. ફતુભાને આ માટે વિચાર કરવાની જરૂર જ નહોતી. તેમણે તો તરત નેપાળાની પડિકી વાળી અને કોઈને પણ જણાવ્યા સિવાય એ દવા લેવાની સૂચના કરી અને સાથે સાથે જણાવ્યું, કે જ્યારે તેનાં બધાં દુઃખોનો નાશ થયેલો જણાય ત્યારે તેણે ખીચડી ખાઈ લેવી.


અણુમાનીતી બૈરી ફતુભાની સૂચના પ્રમાણે દવા લઈને ઘેર ગઈ અને રાત પડતાં તેમણે આપેલી નેપાળાની પડિકી ખાઈ લીધી. આ દવાની અસર તેને ફક્ત પા કલાકમાં જ થઈ. તેને સવાર સુધીમાં લગભગ પચ્ચીસ ઝાડા થઈ ગયા અને તે તદ્દન અશક્ત થઈ ગઈ. પથારીમાંથી હવે તે ઊઠી પણ શકતી નહોતી.

આ બાજુ તે જ રાત્રે પેલી માનીતી રાણીને અચાનક પેટમાં દુઃખવા આવ્યું અને કોણ જાણે કેમ પણ સવાર

પડતાં તેનું હૃદય અચાનક બંધ પડી ગયું. તે મરી ગઈ. આ જોઈ તેનો ધણી પોક પોક મૂકી રડવા લાગ્યો અને તેના પર મોટું દુઃખનું વાદળ ઊતરી આવ્યું હોય તેમ તેને લાગવા માંડ્યું. ત્યાં તો તેને કોઈએ આવી સમાચાર આપ્યા કે તેની બીજી બૈરી પણ મરવા સૂતી છે. તેને દગલાબંધ ઝાડા થઈ ગયા છે અને હવે જો તે તેના પર ધ્યાન નહિ આપે તો તે પણ થોડા કલાકમાં ચાલી જશે.

આથી રજપૂત ખૂબ ગભરાયો, તેણે એકદમ ડૉક્ટરને બોલાવવા માણસ મોકલ્યો. પણ ડૉક્ટર આવે તે પહેલાં તો તેણે ખીચડી ખાઈ લીધી હતી અને તે બરાબર થઇ ગઈ હતી. રજપૂતના મનમાં આથી જરા શાંતિ થઈ. તેની એક બૈરી બચી ગઇ જાણીને તે ભગવાનનો પાડ માનવા લાગ્યો.

અણમાનીતી બૈરી માનીતી બની તેથી તે ફતુભાનો મનમાં ને મનમાં ખૂબ ઉપકાર માનવા લાગી અને તેમના ગુણ ગાવા લાગી. એક વાર એવું બન્યું કે ફતુભા તેના ઘર પાસે થઇને જતા હતા ત્યારે તે બાઈએ ફતુભાને પોતાના ઘરે ચા પીવાનો આગ્રહ કર્યો અને બનેલી બધી વાત કહેવા લાગી. પણ ફતુભાના કમનસીબે તે બૈરીનો ધણી અચાનક ઘરે આવીને આ બધી વાત સાંભળી ગયો અને તેના મનમાં એમ પેસી ગયું કે નક્કી આ ફતુભાએ કાંઈક જાદુ મંતર કરી મારી માનીતી-બૈરીને મારી નાખી. આથી તે ખૂબ ખિજાયો અને ખીંટીએથી લટકતી તલવાર લઈ ફતુભાને મારવા ગયો. પણ સારા નસીબે ફતુભા ચેતી ગયા અને બધી બાજી



સમજી ગયા. તે વહેલી તકે ત્યાંથી નાઠા અને ઘર ભેગા થઇ ગયા. ઘરે આવ્યા પછી તેમણે બનેલી બધી વાત જમનાબેનને કહી સંભળાવી. આ સાંભળી જમનાબેન બોલી ઊઠયાં, કે 'આપણે હવે નારગોળમાં નથી રહેવું. આપણી પણ રજપૂત જાત અને તે પણ રજપૂત. આપણે લડ્યા વિના રહી ન શકીએ. માટે આજ નહિ તો કાલે પણ આપણે આ સંજાણ છોડીને ચાલ્યા જવું.'

ફતુભા આમ ડરીને સંજાણ છોડે તે વાત બને તેવી નહોતી. પણ તેમને મન જમનાબેનની સલાહ ઘણી કીમતી હતી. આથી તેઓ સંજાણ છોડી જવાની વાત પર કબૂલ થયા અને તે જ દિવસની રાત્રે તેઓ અદીના ટાંગામાં બેસી સંજાણ સ્ટેશને ગયાં અને ત્યાંથી આગગાડીમાં બેસી કાઠિયાવાડના એક નાનકડા રાજપર નામના ગામે જવા ઊપડ્યા.



નવું બાલ-કુમાર સાહિત્ય

બુદ્ધિનો બાદશાહ	૨-૪
ચતુર સુજાણ	૧-૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩-૦
ફતુભા ફાંકડાનાં પરાક્રમો	૧-૪
કવિ કાલીદાસની બાલવાતો	૨-૮
અમારાં ગીત	૦-૬
રાસ કોકિલા	૦-૭
પાયલ બાજે	૦-૭
મામાનું ઘર કેટલે ?	૨-૦
બલૂન પ્રવાસ	૩-૦
પટેલ પટલાણી	૩-૦
જાદુઇ ચક્કી	૩-૦
મીયાં ફુસકી	૧-૪
કુમાર કથાઓ	૩-૦
ચાણક્ય	૨-૦
બરફનું રણ	૨-૦
રામાયણ કથામંગળ	૨-૮
ઉપનીષદ કથામંગળ	૧-૦
ભાગવત કથામંગળ	૧-૪
વિક્રમની વાતો	૪-૮
બુદ્ધિવિલાસ	૫-૦
જય ગુજરાત	૧-૪
દાદાજીનું ડહાપણ	૩-૮
અક્કલ અજમાવો	૩-૦
ખેલાડી	૩-૦
બાટલીનો બૂચ	૩-૦
ફીલુ યાને વીંટીની શોધમાં	૨-૦
સુંદર બાલવાતો	૨-૦
બાની વાતો	૨-૦
આદમમીયા	૧-૪
સમર્થ રામદાસ	૦-૬

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨